
કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, December 2024 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ





વિજેતા–૧ : હેમાક્ષી જીતેન્દ્ર ગજ્જર (ગોંધીયા–મહારાષ્ટ્ર)





વિજેતા–૨ : જીજ્ઞેશ કાંતિલાલ મેસવાણિયા (જામનગર)

## રંગોળીમાં કલાકારોએ ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવ્યા






વિજેતા–૩ : વિભા કુશલભાઇ ગજ્જર (અમદાવાદ)





## દીપોત્સવી પર્વની સમાજને ભેટ

# ધ આર્ટ કેલેન્ડર-૨૦૨૫માં સ્થાન પામેલી વિજેતા રંગોળીઓ





વિજેતા – ૪
**જીતેશ પિલોજપરા**
(રાજકોટ)








વિજેતા – ૫
**ક્રિષા વિજયભાઇ ગોરેચા** (જામનગર)






વિજેતા – ૬
**હેલી દિલીપભાઇ ભાડેશીયા** (રાજકોટ)



વિજેતા – ૭
**દેવર્ષી અતુલભાઇ ધ્રાંગધરીયા** (મોરબી)

વિજેતા – ૮
**હીરલ ગુણવંતભાઇ વાલંભીયા** (રાજકોટ)

વિજેતા – ૯
**ભાવિકા જયેન પંચાસરા** (રાજકોટ)

વિજેતા – ૧૦
**રિદ્ધિ વિમલભાઇ ધ્રાંગધરીયા** (રાજકોટ)




વિજેતા – ૧૧
**હીમાલી હર્ષ વડગામા** (નલીયા)




વિજેતા – ૧૨
**મિતલકુમાર એમ. ધોરેચા** (જામનગર)

**VISHWAKARMA VISHAWA**
**(GUJARATI-MONTHLY)**
**RNI REGD. NO.GUJGUJ/2013/49269**




**Volume No.-13, Issue No.11**
**Date : 10-12-2024**

**Page : 36**
**Retail Price Rs.30/-**
**Annual Subscription Rs. 300/-**

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Title Photo :** Amul Parmar (Bhavnagar)

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...



# દીપોત્સવી પર્વની યાદગાર ભેટ...

દીપોત્સવી પર્વના અરસામાં જ સુથાર સમાજના આરઝુબેન અલ્કેશભાઇ ખંભાયતાને મામલતદારમાંથી સુરેન્દ્રનગર જીલ્લાના ડેપ્યુટી કલેક્ટર તરીકે પ્રમોશન આપીને અને અમદાવાદમાં ભારતીય જનતા પક્ષમાં રહીને વર્ષો સુધી સમાજ સેવા કરનાર ધર્મિષ્ઠાબેન વિષ્ણુભાઇ ગજ્જરને બાળ સંરક્ષણ આયોગના ચેરમેન બનાવીને ભાજપના ભુપેન્દ્રભાઇ પટેલની સરકારે આપણા સમાજની કદર કરતા સમાજમાં હર્ષની લાગણી વ્યાપી છે. અને વિશ્વકર્મા પરિવારને સરકારે આપેલ આ ભેટ જાણે કે દીપોત્સવી પર્વની સમાજને ભેટ આપીને આ વર્ષનું દીપોત્સવી પર્વ સમાજ માટે ઐતિહાસિક બનાવ્યુ હોવાની લાગણી સમાજ અનુભવી રહયો છે.

સાથોસાથ ચોટીલામાં મળેલ અખિલ વિ. સુથાર સંઘની મિટીંગમાં ગુજરાતના સુથાર સમાજે દીપોત્સવી પર્વના અરસામાં જ યોગીન છનિયારાને અખિલ વિશ્વકર્મા સંઘના અધ્યક્ષ બનાવી જાણે કે સમાજે સમાજને દિવાળીની ભેટ આપી હોય તેવી લાગણી સમાજ અનુભવી રહયો છે. યોગીન છનિયારા અધ્યક્ષ બનતા હવે મે-ર૩ના અરસામાં દેલવાડા મંદિર ટ્રસ્ટના આગેવાનોએ ગુજરાતમાં સારૂં સંગઠન બનાવવાનું જે સ્વપ્ન સેવ્યું હતું. તે હવે સાકાર થવાની અને દેલવાડા સમાજે સંગઠનરૂપી ઈમારતના પાયા ખોદયા હતા તે સંગઠનરૂપી ઈમારત હવે ઉભી થશે તેવી આશાનો સંચાર પણ સમાજમાં થવા લાગ્યો છે.

આમ સરકારે સમાજની બે મહિલાઓની કદર કરી ઉચ્ચ સ્થાને બીરાજમાન કરી અને સમાજે યોગીન છનિયારાને અધ્યક્ષ બનાવી સમાજને નવા નેતૃત્વની ભેટ આપી દીપોત્સવી પર્વના અરસામાં સરકાર તરફથી અને સમાજ તરફથી સમાજને ભેટ મળી જે સમાજ માટે સદાય યાદગાર અને ઐતિહાસિક રહેશે.

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

## નિર્ણાયકો સુરેશ ભીલા અને રાજાભાઇ હીરાણી કહે છે

# કલાકારોએ સાંસ્કૃતિક વારસાને લઇ રંગોળીનું સર્જન કર્યું તે અભિનંદનીય છે

## આવી સ્પર્ધા યોજવા બદલ વિશ્વકર્મા વિશ્વ અભિનંદનીય છે



વિશ્વકર્મા વિશ્વ દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ દીપોત્સવી પર્વ નિમિત્તે વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા દર વર્ષે વધુ ને વધુ પ્રતિસાદ મળતો જાય છે. આ વર્ષે પણ વિવિધ શહેરના ૪૮ જેટલા સ્પર્ધકોએ ભાગ લઇને રંગોળી દ્વારા પોતાની કલાનો પરિચય કરાવ્યો હતો. આ વર્ષે રંગોળી સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ૪૦ વર્ષથી ઇન્ટીરીયરનું કામ સાથે ઉચ્ચ કોટીના કલાકાર એવા સુરેશભાઇ ભીલા અને બીએપીએસ સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલા અક્ષર આર્ટ એન્ડ ઇન્ટીરીયરવાળા રાજાભાઇ હીરાણીએ સેવા આપી હતી. આ બંને નિર્ણાયકોએ રંગોળીના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખી નવા વર્ષના કેલેન્ડર ‘ધ આર્ટ’ માટે ૧૨ મળી કુલ ૨૦ રંગોળીઓની પસંગી કરી હતી.

### પ્રતિભાવ
### શ્રી સુરેશ ભીલા

સ્પર્ધા અંગે પ્રતિભાવ આપતા શ્રી સુરેશભાઇ ભીલાએ કહયુ કે, દીપોત્સવી પર્વ નિમિત્તે આવી સ્પર્ધા યોજવા બદલ વિશ્વકર્મા વિશ્વ ધન્યવાદને પાત્ર છે. આવી સ્પર્ધાથી કલાકારોમાં રહેલી કલા બહાર આવે છે. અને કલાકારોને પ્રોત્સાહન મળે છે. કલાને રંગોળીના માધ્યમ દ્વારા પ્રસ્તુત કરવુ એ ઉત્તમકાર્ય છે.

તેમણે કહયુ કે, પ્રત્યેક કલાકરોમાં અલગ અલગ આવડત હોય છે. જે રંગોળીમાં પ્રદર્શીત થઇ છે. ચીરોડી કલરના માધ્યમથી રંગોળી બનાવાય છે. તે ઓઇલ પેઇન્ટ, એકેલીક, વોટર કલર કરતા અઘરૂ કામ છે. અને આ અઘરૂ કામ કલાકારોએ પોતાની કલા દ્વારા પ્રસ્તુત કર્યુ છે. દરેક કલાકાર અભિનંદનને પાત્ર છે.

### પ્રતિભાવ
### શ્રી રાજાભાઇ હીરાણી

ઘર રંગોળી સ્પર્ધાના બીજા નિર્ણાયક રાજાભાઇ હીરાણીએ ઘર રંગોળી સ્પર્ધા અંગે પોતાનો પ્રતિભાવ વ્યકત કરતા કહયું કે, કલાકારોએ રંગોળીના માધ્યમથી નાના-મોટા કલાકરોએ પોતપોતાની રીતે સુંદર રંગોળીઓ રજુ કરી પોતાનામાં રહેલી કલાનું પ્રદર્શન કર્યું છે. જે અભિનંદનીય છે. મોટાભાગના કલાકારોએ આપણા સાંસ્કૃતિક વારસાને ધ્યાનમાં લઇને રંગોળીના કલરથી સુંદર મજાનું ક્રિએશન કર્યુ છે. વિશ્વકર્મા વિશ્વના માધ્યમથી જે રીતે કલાકારોને પ્રોત્સાહિત પ્રેરણારૂપી સર્જન કરવાનો અવસર આપ્યો છે. તે સરાહનીય છે.

# રંગોળી સ્પર્ધામાં નિર્ણાયકોનો પરિચય

## શ્રી સુરેશ ભીલા



રાજકોટના કાલાવડ રોડ પર જડુસ પાસે 'શાંતાયન' નામના પોતાના બિલ્ડીંગમાં ના નામથી પ્રેકટીસ કરતા સુરેશભાઇ ભીલા ૪૦ વર્ષથી ઇન્ટીરીયર અને લેન્ડ સ્કેપ ડીઝાઇનનું કામ કરે છે. ૪૦ વર્ષથી પ્રેકટીસ કરતા સુરેશભાઇ એકમાત્ર એવા છે કે જે ઇન્ટીરીયરની સાથે ફોટોગ્રાફી અને પેઇન્ટીંગનો શોખ ધરાવે છે. સુરેશભાઇ ૮માં ધોરણમાં હતા ત્યારથી તેમને ફોટોગ્રાફી પ્રત્યે અને કલા પ્રત્યે લગાવ હતો અને આજે ૬૫ વર્ષે પણ તેમણે આ શોખ જાળવી રાખ્યો છે. બી.એસ.સી. એગ્રી કલ્ચરમાં ગ્રેજયુએટ એવા સુરેશભાઇ ફોટોગ્રાફી માટે દેશના વિવિધ રાજયો જ નહીં પણ વિદેશોમાં પણ સફર કરી ચુકયા છે. એટલુ જ નહીં પરંતુ ફોટોગ્રાફી અને પેઇન્ટીંગમાં લલીતકલા એકેડમી (દિલ્હી) અમૃતસર, સુરત વગેરે સ્થળોથી એવોર્ડ મેળવી ચુકયા છે. અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પણ તેમનો કૃતિ પસંદ પામતી રહી છે. તેમણે ફોટોગ્રાફ અને પેઇન્ટીંગના અનેક શો પણ કર્યા છે.

સોલીડ સરફેસ શીટ (કોરીયન)નું ઉત્પાદન કરનાર તેઓ પ્રથમ છે. અને સોલીડ સ્ટ્રકચર શીટનું ઉત્પાદન કરનાર તેઓ દુનિયામાં પ્રથમ છે. સોલીડ સરફેસ શીટમાંથી ફર્નીચર બનાવવાની પોતાની ફેક્ટરી પણ ધરાવે છે. જે તેનો પુત્ર સંભાળે છે.

## શ્રી રાજાભાઈ હીરાણી





રાજકોટમાં અક્ષર આર્ટ એન્ડ ઇન્ટીરીયરના નામથી પોતાનો વ્યવસાય કરતા શ્રી રામભાઇએ ફાઇન આર્ટસમાં ડિગ્રી મેળવી છે. રાજાભાઇનું અસલી નામ ધનજીભાઇ હતું. તેઓ બીએપીએસ સાથે વર્ષોથી સંકળાયેલ છે. ૧૯૯૬માં વિદ્યાનગર ખાતે સમૈયો હતો. આ સમયે ધનજીભાઇનો પહેરવેશ રાજા જેવો હતો અને મોટાવાળ હતા. રાજાભાઇને દિલ દઇને, પોતાની મસ્તીમાં કામ કરતા જોઇને પ્રમુખ સ્વામીએ તેમને પાસે બોલાવ્યા, અને રાજા નામ આપ્યું ત્યારથી તેમનું નામ જ રાજાભાઇ થઇ ગયું છે. અને તેઓ મુળ નામને બદલે રાજાભાઇ તરીકે જ ઓળખાય છે.

રાજાભાઇ વર્ષોથી બીએપીએસ સાથે સંકળાયેલા છે અને બીએપીએસનું ડેકોરેશન અને આર્ટ વર્કનું કામ તેઓ સંભાળી રહયા છે. બીએપીએસની સંસ્થામાં હોય કે બીએપીએસ દ્વારા કોઇપણ સ્થળે સમૈયા યોજાતા હોય તે સ્થળે આર્ટ અને ડેકોરેશનના કામ તેમના દ્વારા અને તેના માર્ગદર્શન દ્વારા થાય છે. રાજાભાઇ હીરાણી ઇન્ટીરીયર અને આર્ટ વર્કનું પોતાનું કામકાજ સંભાળે છે.

### ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૧

# હેન્ડીક્રાફટમાં માહેર હેમાક્ષી ધ્રાંગધરિયા





વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે યોજાયેલ વોટસએપ આધારીત ઘર રંગોળીમાં ગોંધીયા(મહારાષ્ટ્ર)ના હેમાક્ષીબેન જીતેન્દ્રભાઇ ધ્રાંગધરિયાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. ગત વર્ષે યોજાયેલ સ્પર્ધામાં તેઓએ ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. હેમાક્ષીબેન ૨૦૨૫ના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામ્યા છે. મુળ વાંકાનેરના પરંતુ ત્યારબાદ મુંબઇ સ્થાયી થયેલા સ્વ. ગોપાલભાઇ ભાલારાની પુત્રી અને ગોંધીયાના જીતેન્દ્રભાઇ ધ્રાંગધરિયાના પત્ની હેમાક્ષીબેને એમ.એ. કરી અને ઇન્ટીરીયરનો અભ્યાસ કર્યો છે.

નાનપણથી જ કલા અને કારીગરીમાં રસ અને રૂચી ધરાવતા હેમાક્ષીબેન હેન્ડીક્રાફટમાં માહેર છે. અને હેન્ડીક્રાફટને શોખ અને વ્યવસાય બનાવ્યો છે. તેઓ હેન્ડીક્રાફ Woodique નામથી પોતાનો વ્યવસાય કરે છે. હેન્ડીક્રાફટની કલાકૃતિઓ જાતે જ તૈયાર કરી. લેઝર જીગ્સો કટીંગ મશીનથી કલાકૃતિઓ બનાવે છે. અમદાવાદ, મુંબઇ જેવા શહેરો ઉપરાંત યુએસએ જેવા દેશો સુધી તેમની કલા પહોંચી છે. હેમાક્ષીબેનના પતિ જીતેન્દ્રભાઇ ઇન્ટીરીયર આર્કીટેકટ અને ઇજનેર છે. રાજકોટમાં એ.બી. મશીન ટુલ્સ વાળા સુરેશભાઇ ખારેચાના પત્ની હર્ષાબેન ખારેચા હેમાક્ષીબેનના બેન થાય છે. તેઓ પણ આર્ટ એન ક્રાફટમાં મહેર છે.

(**સરનામું :** હેમાક્ષીબેન ધ્રાંગધરિયા, 'શ્રીજી', આયુષ્ય હોસ્પિટલ પાસે, રેલ ટોલી, ગોંધીયા-૪૪૧૬૧૪, મહારાષ્ટ્ર)

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૨

# જીજ્ઞેશ કાંતિલાલ મેસવાણિયા






જામનગરના જીજ્ઞેશભાઇ કાંતિભાઇ મેસવાણિયાએ ઘેર રંગોળી સ્પર્ધામાં દ્વિતિય સ્થાન મેળવ્યું છે. નવા વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરમાં તેઓએ સ્થાન મેળવ્યું છે. જીજ્ઞેશભાઇએ પ્રથમ વખત જ આ સ્પર્ધામાં ભાગ લીધો અને તેમની કૃતિએ નિર્ણાયકોએ દ્વિતિય સ્થાને પસંદગી કરી છે.


જીજ્ઞેશભાઇ ડીપ્લોમા મીકેનીકલ ઇજનેર છે. તેમના પિતા કાંતિભાઇ મીઠાપુરની તાતા કેમીકલ્સમાં હતા. જે હાલ નિવૃત્ત છે. જીજ્ઞેશભાઇ જામનગરમાં સ્ટેશનરી બનાવતી ફેકટરી 'ટર્ન ટેકનીક'માં કામ કરે છે. સ્ટેશનરીની નવી પ્રોડકટનું રીસર્ચ અને ડેવલપમેન્ટનું કામ કરે છે. જીજ્ઞેશભાઇને નાનપણથી જ પેઇન્ટીંગનો શોખ હતો. જે ૩૬ વર્ષની વયે પણ જાળવી રાખ્યો છે. રંગોળી સ્પર્ધામાં માટે તેઓએ ૭ કલાકની મહેનત કરીને બિલાડી અને તેના બચ્ચાની રંગોળી બનાવી જેને નિર્ણાયકોએ દ્વિતિય સ્થાન આપ્યું છે.

(**સરનામું :** જીજ્ઞેશભાઇ મેસવાણિયા, એ-૩૦૩, કોપર સીટી એપાર્ટમેન્ટ, માધવ બાગ-૧, સાંઢીયા બ્રીજ પાસે, આશાપુરા ઓટોલીંક સામે, જામનગર-૩૬૧૦૦૪)

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૩

# નાનપણથી જ કલામાં રૂચી ધરાવતી વિભા ગજજર







જામનગરના જાણીતા ઉદ્યોગગૃહ ડીલકસ ઉદ્યોગગૃહ ડીલકસ ઉદ્યોગવાળા રાજુભાઇ સંચાણીયાની પુત્રી અને અમદાવાદમાં મેડીકલ સ્ટોર ચલાવતા કુશલ ગજજર (લલ્લુવાડીયા)ના પત્ની વિભા ગજજરે વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરી તથા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન મેળવ્યું છે.

વિભા ગજજરે જામનગરમાં બીબીએ સુધીનો અભ્યાસ કર્યો છે. તેમને નાનપણથી જ આર્ટમાં રસ અને રૂચિ છે. પોતાના ઘેર જ તે પેઇન્ટીંગ અને રંગોળીના કલાસ ચલાવતી હતી. તેમના હાથ નીચે અનેક આર્ટીસ્ટ તૈયાર થયા છે.

અગાઉ બે વખત રંગોળી સ્પર્ધામાં ભાગ લઇ વિભા ગજજર કેલેન્ડરમાં સ્થાન મેળવી ચુકી છે. આ વર્ષે પણ તે તૃતીય સ્થાને વિજેતા થઇ છે. અને નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામી છે.

(**સરનામું :** વિભા ગજજર, બી-૫૦, પુલીન સોસાયટી પાર્ટ-૨, પાયલનગર મેઇન રોડ પાસે, નરોડા, અમદાવાદ)

### ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૪



# ડ્રોઇંગ અને પેઇન્ટીંગમાં માહીર જીતેશ પિલોજપરા




રાજકોટમાં સિધ્ધિ ગ્રાફીકસના નામથી ગ્રાફીક ડીઝાઇનીંગના વ્યવસાય સાથે સંકળાયેલા અને ડ્રોઇંગ અને પેઇન્ટીંગમાં રસ અને રૂચી ધરાવતા જીતેશભાઇ પિલોજપરાએ વોટસએપ આધારીત ઘર રંગોળીમાં સતત છઠ્ઠા વર્ષે ભાગ લઇ અને છઠ્ઠા વર્ષે પણ વિજેતા થઇને નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામ્યા છે.

૧૯૮૭માં રાજકોટની ચિત્રશાળાાં અભ્યાસ કર્યા બાદ ૧૯૯૪-૯૫માં એપ્લાવન આર્ટસનો ડીપ્લોમા મેળવ્યા બાદ તેઓ કલા ક્ષેત્રે દિન પ્રતિદિન પ્રગતિ પામતા રહયા છે. રાજકોટની ચિત્રનગરી સાથે પણ તેઓ જોડાયેલા છે. અને ચિત્રનગરની વોલ પેઇન્ટીંગના પ્રોજેકટોમાં ભાગ લે છે. કોર્પોરેશન દ્વારા યોજાતી રંગોળી સ્પર્ધામાં પણ તેઓ ભાગ લેતા રહયા છે. અમદાવાદની હઠીસિંહ આર્ટ ગેલેરીમાં પણ તેમના સફળ ગ્રુપ શો થયા છે.

(**સરનામું :** જીતેશ પિલોજપરા, 'શિવમ', એ-૨૫, ક્રિષ્ના બંગલો, માધવ પાર્ક-૩, શેરી નં. ૨, ગોવર્ધન ચોક પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.)

### ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૫

# આર્ટનું શિક્ષણ આપતી ક્રિષા વિજયભાઇ ગોરેચા



જામનગરમાં આર્ટ ટીચર્સ તરીકે ફરજ બજાવવાની સાથે હાલમાં ગાર્ડી વિદ્યાપીઠમાં એમબીએ કરતી ક્રિષા ગોરેચા ગત વર્ષની માફક આ વર્ષે પણ 'ઘર રંગોળી સ્પર્ધા'માં વિજેતા થઇ છે. અને આ વર્ષે પણ નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામી છે.

ક્રિષા નાનપણથી જ આર્ટમાં રસ લે છે અને કોઠા સુઝથી આગળ વધી છે. તે જામનગરમાં આવેલ મોદી સ્કુલમાં આર્ટ ટીચર તરીકે ફરજ બજાવે છે. સાથોસાથ પોર્ટ્રેટ-વોટર કલરનું કામ પણ કરે છે અને ઓર્ડર પ્રમાણે પેઇન્ટીંગ કરી આપે છે. તેના પિતા વિજયભાઇ ગોરેચા સમંજસ ઉદ્યોગ પ્રા.લી.માં કામ કરે છે. (**સરનામું :** ક્રિષા વિજયકુમાર ગોરેચા, ૫૦૨-ભવ્ય એવન્યુ, કૃષ્ણનગર મેઇન રોડ, એમ્યુઝમેન્ટ પાર્ક પાસે, કિંગ પેલેસ પાછળ, જામનગર)

### ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૬

# અભ્યાસ બીબીએનો શોખ આર્ટનો હેલી ભાડેશીયા




વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે યોજાતી ઘર રંગોળી સ્પર્ધામાં હેલી દિલીપભાઇ ભાડેશીયાએ ગત વર્ષે પણ ભાગ લીધો હતો. પરંતુ કેલેન્ડરમાં સ્થાન પામી શકી ન હતી. આ વર્ષે હેલીએ બનાવેલ રંગોળીને નિર્ણાયકોએ કેલેન્ડર માટે પસંદગી કરી છે. તેમની આ કલા નવા વર્ષના કેલેડર ધ આર્ટમાં સ્થાન પામશે.

હેલી ભાડેશીયા એમવીએમ કોલેજમાં બીબીએ કરી રહી છે. હેલીને સાયન્સનો શોખ છે. વિશ્વકર્મા પ્રભુજીએ આપે કલાનો વારસો તે ઉજાગર કરી રહી છે. અને શોખથી દર દિવાળીએ અવનવી રંગોળીનું સર્જન કરતી રહી છે.

(**સરનામું :** હેલી દિલીપ ભાડેશીયા, ૩૦૨-રામ કોમ્પ્લેક્ષ, જયંત કે.જી. મેઇન રોડ, ડી માર્ટ પાસે, ગોંડલ રોડ, રાજકોટ.)

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૭

# બાળપણથી જ કલા પ્રેમી છે દેવર્ષી ધ્રાંગધરીયા



મોરબીની દેવર્ષી અતુલભાઇ ધ્રાંગધરીયાએ વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે યોજદાયેલ વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં પ્રથમ વખત જ ભાગ લઇ છે. અને વિજેતા થઇ છે. દેવર્ષી ધ્રાંગધરિયા વિજેતા થતા વિશ્વકર્મા વિશ્વ દ્વારા પ્રસિદ્ધ થતા નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામ્યા છે.

દેવર્ષીને આર્ટનો શોખ છે અને દીપોત્સવી પર્વ નિમિત્તે પોતાના ઘર આંગણે રંગોળી બનાવે છે. આ વર્ષે પણ દીપોત્સવ પર્વ નિમિત્તે ચારેક કલાકની મહેનત બાદ રંગોળી તૈયાર કરી જે વિજેતા થઇ છે. (**સરનામું :**દેવર્ષી અતુલકુમાર ધ્રાંગધરીયા, આરાધના સોસાયટી, શનાળા રોડ, જી.આઇ.ડી.સી.ની સામે, મોરબી.)

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૮

# શિક્ષિકા છે પણ આર્ટનો પણ શોખ : હીરલ ગુણવંતભાઇ વાલંભીયા



રાજકોટમાં અંબિકા ટાઉનશીપમાં આવેલ પેન્ટાગોનમાં રહેતી હીરલ ગુણવંતભાઇ વાલંભીયાએ પ્રથમ વખત જ ઘર રંગોળી સ્પર્ધામાં ભાગ લઇ વિજેતા બની છે. તેમની વિવિધ અવતારને પ્રસ્તુત કરતી રંગોળીને નિર્ણાયકોએ કેલેન્ડર માટે પસંદ કરી છે. વિશ્વકર્મા વિશ્વના નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં તેની રંગોળી સ્થાન પામશે.

હીરલ વાલંભીયા શિક્ષિકા છે. અને ડો. જીવરાજ મહેતા હાઇસ્કુલમાં ૧૩ વર્ષથી ફરજ બજાવે છે. હીરલ ૧૩ વર્ષની હતી ત્યારથી અવનવી રંગોળીનું સર્જન કરે છે. આર્ટ, ડ્રોઇંગ, ડાન્સ, સ્વીમીંગ, ટ્રાવેલીંગ અને રીડીંગનો શોખ ધરાવે છે.

હીરલ વાલંભીયાના પિતા સ્વ. ગુણવંતભાઇ ફોટોગ્રાફર હતા તેનો ભાઇ પણ સારો ફોટોગ્રાફર છે.

(**સરનામું :** હીરલ ગુણવંતરાય વાલંભીયા, બી-૩૦૧ પેન્ટાગોન, મોટામવા, રાજકોટ.)

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૯

# આર્ટ સાથે વર્ષોથી સંકળાયેલ ભાવિકા જયેન પંચાસરા



રાજકોટમાં ગવર્નમેન્ટ કોન્ટ્રાકટર તરીકેનો વ્યવસાય ધરાવતા જયેન બીપીનભાઇ પંચાસરાના પત્ની ભાવિકાબેને આ વર્ષની ઘર રંગોળી સ્પર્ધામાં ભાગ લઇ વિજેતા થઇ છે. તેમણે બનાવેલ રંગોળી નિર્ણાયકોએ પસંદ કરી છે. આ રંગોળી નવા વર્ષના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામી છે.

બી.કોમ. ગ્રેજ્યુએટ એવા ભાવિકાબેનને સ્કુલકાળથી જ આર્ટમાં રસ જાગ્યો હતો. જે આજે પણ જાળવી રાખ્યો છે. ભાવિકાબેન પેઇન્ટીંગના કલાસ પણ ચલાવતા ઓઇલ પેઇન્ટીંગ, ગ્લાસ પેઇન્ટીંગ, માચી વર્ક જેવી કલામાં તેઓ માહિર છે.

(**સરનામું :** ભાવિક જયેન પંચાસરા, 'નીર', મિલાપનગર, શકિતનગર-૫, યુનિવર્સિટી રોડ પાસે, ઇનોવેટીવ સ્કુલ પાછળ, રાજકોટ.)

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૧૦

# ફાઇન આર્ટસની વિદ્યાર્થીની રિદ્ધિ વિમલભાઇ ધ્રાંગધરીયા



રાજકોટમાં કેડ સેન્ટર અને ડ્રીમઝોનનું સંચાલન વિમલભાઇ ધ્રાંગધરીયાની પુત્રી રિદ્ધિ ઘર રંગોળી સ્પર્ધામાં વિજેતા બની છે. રિદ્ધિએ બનેલ રંગોળી વિશ્વકર્મા વિશ્વના કેલેન્ડર ધ આર્ટમાં સ્થાન પામી છે.

રિદ્ધિ નાનપણથી જ આર્ટનો શોખ ધરાવે છે. ૫ વર્ષ પહેલા રિદ્ધિએ રંગોળી સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ વર્ષે પણ સ્પર્ધામાં ભાગ લઇ વિજેતા બની છે. રિદ્ધિ વિમલભાઇ ધ્રાંગધરિયાએ સાયન્સ કરીને હાલ અમદાવાદમાં ફાઇન આર્ટસના ૪ વર્ષમાં અભ્યાસ કરી રહી છે. ફાઇન આર્ટમાં ડીજીટલ આર્ટનો અભ્યાસ કરે છે. જેમાં ગ્રાફીક, ઇવેન્ટ, સોશ્યલ મીડિયા, સોશ્યલ મેનેજમેન્ટ વગેરે આવે છે.

રિદ્ધિ આર્ટ ટીચર તરીકે પણ એક વર્ષ કામ કરી ચુકી છે. હાલમાં અભ્યાસની સાથોસાથ લીયન આર્ટ, મઢ આર્ટ વગેરેના વર્કશોપ કરે છે અને એકઝીબીશન પણ કરે છે. (**સરનામું :** રિદ્ધિ વિમલ ધ્રાંગધરીયા, 'રોનક' ૩/૯ કોર્નર, પંચશીલ સોસાયટી, દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૪).

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૧૧

# નાનપણથી જ આર્ટના શોખીન હીમાલી હર્ષ વડગામા




નલીયા (કચ્છ) પાસે નલીયામાં આવેલ અલ્ટ્રા સિમેન્ટ ટાઉનશીપમાં રહેતા હીમાલીબેન હર્ષ વડગામાએ વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે યોજાયેલ ઘર રંગોળી સ્પર્ધામાં પ્રથમ વખત જ ભાગ લઇને વિજેતા બનીને નવા વર્ષના કેલેન્ડર 'ધ આર્ટ'માં સ્થાન પામ્યા છે.

બોટાદના વિપુલભાઇ વિનોદભાઇ દુદકીયાની પુત્રી અને હર્ષ નવનીતભાઇ વડગામા (ઇજેનર અલ્ટ્રા ટ્રેક સિમેન્ટ)ના પત્ની એવા હીમાલીબેન બોટાદમાંથી એમબીએ થયા છે. અને હવે સાસરે આવ્યા બાદ પીએચ.ડી. કરવાના છે.હીમાલીબેનને નાનપણથી જ પેઇન્ટીંગ, ડ્રોઇંગનો શોખ છે. સાસરે આવીને પણ તેમને આ શોખ જાળવી રાખ્યો છે. અલ્ટ્રાટ્રેક ટાઉનશીપમાં યોજાતી સ્પર્ધામાં પણ તેઓ ભાગ લેતા રહયા છે.

(**સરનામું :** હીમાલી હર્ષ વડગામા, ઇ-૩૩/૧૩૦, અલ્ટ્રાટ્રેક સિમેન્ટ ટાઉનશીપ સેવાગ્રામ, વાયોર, નલીયા, તા. અબડાસા, જી. કચ્છ)

## ઘર રંગોળી સ્પર્ધા વિજેતા-૧૨

# જીવન કલાને સમર્પિત છે એવા મિતલકુમાર ઘોરેચા




ગત વર્ષે વિશ્વકર્મા વિશ્વ દ્વારા યોજાયેલ વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધામાં પ્રથમ વિજેતા બનેલા મિતલકુમાર ઘોરેચા આ વર્ષે પણ સ્પર્ધામાં વિજેતા થયા છે. મિતલકુમાર ઘોરેચા ૪ વર્ષથી રંગોળી સ્પર્ધામાં ભાગ લે છે. અને દર વર્ષે તેમની કૃતિ કેલેન્ડરમાં સ્થાન પામે છે.

મિતલકુમારે આઇટીઆઇ કરીને મીકેનીકલ એન્જિનિયરીંગ જોઇન કર્યુ હતું. પરંતુ કલા પ્રત્યેના લગાવને કારણે એન્જિનિયરીંગ છોડીને ફાઇન આર્ટસમાં ડીગ્રી મેળવી. હાલ તેમનું જીવન કલાને સર્પિત છે. વિવિધ પ્રકારના કેનવાસ અને પોટ્રેઇટ બનાવવામાં તે માહિર છે. ભારત ઉપરાંત વિદેશમાંથી પણ પેઇન્ટીંગના ઓર્ડર તેમને મળી રહયા છે. મિતુલના પિતા મુકુંદભાઇ ઘોરેચા ટાટા કેમીકલ્સમાંથી નિવૃત્ત થઇ અને હાલ વિશરોલીયા મશીન સ્ટોર્સમાં ફરજ બજાવે છે.

(**સરનામું :** મિતલકુમાર એમ. ઘોરેચા, નંદનવન પાર્ક-૨, પ્લોટ ૧૭/૧૮-૨, નંદનવન નિશાળ પાસે, સાંઇરામ મંદિર પાછળ, રણજીતસાગર રોડ, જામનગર-૩૬૧૦૦૫).


વિશ્વકર્મા વિશ્વ




ઘર બેઠા લવાજમ ભરો,
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.

Paytm G Pay PhonePe

મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર Paytm અથવા G Pay કરો
અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...

www.vishwakarmavishwa.com પર
તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઇલ એપ ડાઉનલોડ
કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...

# સમાજમાંથી સૌપ્રથમ ડે. કલેકટર બનવાનું ગૌરવ મેળવતા આરઝુબેન ખંભાયતા

- સમતા પાર્થ ભાડેશીયા

## સુરેન્દ્રનગર જીલ્લામાં નિમણુંક : અભિનંદનનો વરસાદ





આરઝુબેન ખંભાયતાએ તાલીમી મામલતદાર તરીકે કારકિર્દી શરૂ કરી મામલતદાર તરીકે શ્રી અમરેલી, કેશોદ અને વેરાવળ સુધીની સફર બાદ ગુજરાત સરકારે આરઝુબેન ખંભાયતાને ડે. કલેકટરનું પ્રમોશન મળતા જ સુથાર સમાજ નહીં સમગ્ર વિશ્વકર્મા પરિવારમાં આનંદ છવાયો. સરકારે આરઝુબેન ખંભાયતાને પ્રમોશન આપ્યા બાદ ધનતેરસના પવિત્ર દિવસે તેઓએ સુરેન્દ્રનગર જીલ્લાના ડે. કલેકટર તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.

ડે. કલેકટરના હોદ્દા સુધી પહોંચનાર સુથાર સમાજમાંથી આરઝુબેન અલ્પેશભાઇ ખંભાયતા પ્રથમ હોઇ ડે. કલેકટરનો ચાર્જ સંભાળતાની સાથે જ તેમના પર અભિનંદનનો વરસાદ વરસ્યો હતો. આરઝુબેન ખંભાયતાએ ચાર્જ સંભાળ્યા બાદ તુરંત વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર અને અખિલ વિશ્વકર્મા સુથાર સંઘના ગુજરાતના પ્રમુખ યોગીન છનિયારાએ રૂબરૂ મળી શુભેચ્છાઓ આપી હતી. આરઝુબેન ખંભાયતાની શુભેચ્છા મુલાકાત દરમ્યાન યોગીનભાઇ છનિયારાએ નવા સંગઠન અંગે તેમજ રાજકોટની ગુર્જર સુતાર કન્યા છાત્રાલય અંગે માહિતી આપી સાથોસાથ કન્યા છાત્રાલયની મુલાકાત માટે પણ આમંત્રણ આપ્યું હતું. જેનો તેઓએ સહર્ષ સ્વીકા કર્યો હતો.

આરઝુબેન ખંભાયતા ભાવનગર નિવાસી ઉર્વશીબેન અને ઘનશ્યામભાઇ દુર્લભજીભાઇ જાદવાણી (ગજ્જર)ની દિકરી છે. તેમનો ભાઇ દિવ્યરાજ પણ સરકારી નોકરીની તૈયારી કરે છે. આરઝુબેનના લગ્ન ગોંડલના લત્તાબેન તથા ભરતભાઇ વલ્લભભાઇ ખંભાયતાના દિકરા અલ્કેશભાઇ (આશીષ) સાથે થયા છે. અલ્કેશભાઇ ખંભાયતા પોલીસ હાઉસીંગમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવી રહયા છે. અલ્કેશભાઇના બેન દર્શનાબેન (દીયા) ગૌરાંગભાઇ વડગામા રાજકોટમાં ગજ્જર સખી વૃંદમાં જોડાયા છે અને નોંધપાત્ર કામગીરી કરી રહયા છે.

આરઝુબેન દિન પ્રતિદિન ઉચ્ચ કારકિર્દી મેળવે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.

# ડે. કલેકટર આરઝુબેન ખંભાયતાનું ગોંડલ સુતાર જ્ઞાતિ દ્વારા સન્માન

## યોગીન છનિયારાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સ્નેહ મિલન






સુરેન્દ્રનગરમાં ડેપ્યુટી કલેકટર તરીકે બઢતી મળ્યા બાદ ડે. કલેકટર આરઝુબેન અલ્કેશભાઇ ખંભાયતાનું પ્રથમ જાહેર સન્માન ગોંડલ મચ્છુકઠીયા સુતાર જ્ઞાતિ દ્વારા કરવામાં આવ્યું હતું.




નવા વર્ષના પ્રારંભે સમાજ દ્વારા અખિલ વિશ્વકર્મા સુથાર સંઘના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સ્નેહમિલનમાં આરઝુબેન ખંભાયતા અને અલ્કેશભાઇ ખંભાયતાનું આગમન થયુ ત્યારે ગોંડલના મહિલા મંડળે તેમના પર પુષ્પ વૃષ્ટિ કરીને ફુલડે વધાવ્યા હતા.

સ્વાગત પ્રવચન બાદ જયશ્રીબેન ગોવિંદીયાએ આરઝુબેન ખંભાયતાનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અલ્કેશભાઇ ખંભાયતાનું પણ આ પ્રસંગે પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યોગીનભાઇ છનિયારાનું પ્રમુખ પિયુષભાઇ ઘોરેચાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરઝુબેન ખંભાયતાનું ટ્રસ્ટી સતિષભાઇ ગોવિંદીયા, ટ્રસ્ટી પરેશભાઇ ભારદીયા, પ્રમુખ પિયુષભાઇ ઘોરેચા અને ઉપપ્રમખુ રાજુભાઇ વડગામાના હસ્તે સન્માનપત્ર આપી અદકેરૂં સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અખિલ વિશ્વકર્મા સુથાર સંઘના અધ્યક્ષ યોગીન છનિયારાએ કહયુ કે આપણા સુથાર સમાજમાંથી ડે. કલેકટરના પદ સુધી પહોંચનાર ગુજરાતમાં પ્રથમ આરઝુબેન ખંભાયતાએ આવા ઉચ્ચ સ્થાને પ્રમોશન મેળવી આરઝુબેન ખંભાયતાએ સમગ્ર સમાજનું ગૌરવ વધાર્યું છે. આવા આરઝુબેન ખંભાયતાનું સૌપ્રથમ સન્માન કરનાર ગોંડલ સમાજ અભિનંદનના અધિકારી છે. આરઝુબેન ખંભાયતા ઝડપથી કલેકટરના પદ સુધી પહોંચશે તેવો આશાવાદ પણ પ્રગટ કર્યો હતો.

યોગીન છનિયારાએ છેલ્લા વર્ષોમાં શિક્ષણનો વ્યાપ વધતો જાય છે. અને આપણો સમાજ વધુને વધુ શિક્ષિત બનતો જાય છે. રાજકોટની કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી ચુકેલ દીકરીઓ આજે સમાજમાં સારૂ સ્થાન પ્રાપ્ત કરતી થઇ છે. તેમ જણાવવાની સાથે કન્યા છાત્રાલયમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું.

આરઝુબેન ખંભાયતાએ સન્માન બદલ આભાર વ્યકત કરીને જણાવ્યુ કે, ગોંડલ મારૂ સાસરૂ છે. એટલે અવારનવાર આવવાનુ થાય છે, પરંતુ મારા સાસરીયા ગામમાં મારૂ આ રીતે થયેલ સન્માન બદલ હૈયામાં હરખ સમાતા નથી.

આરઝુબેને કહયુ કે, મારા દાદાનું સ્વપ્ન હતુ કે હું કલેકટર બનુ. એ દ્દઢ સંકલ્પ અને પુરૂષાર્થ કર્યા અને સખત મહેનત કરી તેથી આ સ્થાને પહોંચી છે. વિદ્યાર્થીની બહેનોને પણ આ રીતે આગળ આવવા આહવાન આપી. આ માટે પોતાના તરફથી બહેનોને કાયમી માર્ગદર્શન મળી હેશે તેમ જણાવ્યું હતું.

ગોંડલના મહિલા મંડળની પ્રવૃત્તિ જાણી તેમણે આનંદ વ્યકત કરીને મહિલા મંડળ વધુને વધુ આનંદ વ્યકત કરીને મહિલા મંડળ







વધુને વધુ વિકાસ પામે તે જરૂરી હોવાનું કહી મહિલાઓની પ્રવૃત્તિઓ માટે હંમેશા સહયોગી બનવા ખાતરી આપી હતી.

આ પ્રસંગે આરઝુબેનના પતિ કે જે ગાંધીનગરમાં સી.એ. તરીકે ફરજ બજાવે છે. તેમણે પણ યુવાનો વધુને વધુ શિક્ષિત બને અને યુપીએસસી-જીપીએસસી જેવી પરીક્ષાઓ આપે તેવી વિનંતી કરી આ માટે માર્ગદર્શન આપવા પોતે હંમેશા તૈયાર છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રમુખ પિયુષ ઘોરેચાએ આભાર દર્શન કર્યું હતું. આ પ્રસંગે મહિલા મંડળના અનિતાબેન ભાડેશીયા, રેખાબેન ભરતભાઇ તલસાણિયા, ગીતાબેન રાજુભાઇ વડગામા સહિતની બહેનોએ પણ આરઝુબેનનું સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભરતભાઇ તલસાણિયાએ કર્યું હતું.

# નવ નિયુકત ડે. કલેકટર આરઝુબેન ખંભાયતાના હસ્તે દીપોત્સવી અંકનું વિમોચન



રાજકોટથી રમ્ય પબ્લિકેશન દ્વારા પ્રકાશિત કલા-કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતા એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન વિશ્વકર્મા વિશ્વના ૨૦૨૪ના દીપોત્સવી વિશેષાંકનું વિમોચન ધન તેરસના દિવસે સુરેન્દ્રનગર જીલ્લાના નવ નિયુક્ત ડેપ્યુટી કલેક્ટર શ્રી આરઝુબેન અલ્કેશભાઇ ખંભાયતાના વરદ હસ્તે તેમની કચેરીમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી અખિલ વિશ્વકર્મા સુથાર સંઘના અધ્યક્ષ અને રાજકોટની કન્યા છાત્રાલયના ટ્રસ્ટી યોગીનભાઇ છનિયારા, અલ્કેશભાઇ ખંભાયતા (સી.એ. સચિવાયલય-ગાંધીનગર), તેમજ વિશ્વકર્મા વિશ્વના તંત્રી શ્રી પ્રવીણ ગજ્જર પણ વિમોચનમાં સાથે રહયા હતા. મામલતદારમાંથી સુરેન્દ્રનગર ડે.કલેક્ટરનું પ્રમોશન મળ્યા બાદ સૌપ્રથમ ધનતેરસે શુભ મુહુર્તમાં પોતાનો નવો ચાર્જ સંભાળ્યા બાદ આરઝુબેન ખંભાયતાએ વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી અંકનું વિમોચન કર્યું હતું.

વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી અંકનું વિમોચન કર્યા બાદ શ્રી આરઝુબેન ખંભાયતાએ પ્રતિભાવ વ્યકત કરતા કહયું કે, વિશ્વકર્મા વિશ્વ દેશ-વિદેશના સમાજોને એક તાંતણે બાંધવાની સાથોસાથ વિશ્વકર્મા પરિવારમાં રહેલી કલા-કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય કરી રહયું છે. વિશ્વકર્મા વિશ્વનો વ્યાપ દિન પ્રતિદિન વધતો રહે તેવી શુભેચ્છા પણ વ્યકત કરી હતી. અને સૌને દીપોત્સવી પર્વની શુભેચ્છા વ્યકત કરી હતી.

૨૦૦૪માં પુ. મોરારિબાપુના વરદ હસ્તે વિશ્વકર્મા વિશ્વનો પ્રારંભ થયા બાદ વિશ્વકર્મા વિશ્વ દર વર્ષે દીપોત્સવી વિશેષાંક પ્રગટ કરતું રહયું છે. આ વર્ષે પણ સંપુર્ણ એક આર્ટ પેપરમાં ૧૦૮ પાનાનો દીપોત્સવી વિશેષાંક તૈયાર કરાયો હતો. જેનું આરઝુબેનએ ખંભાયતાએ વિમોચન કર્યું હતું.

વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી વિશેષાંકમાં સુપ્રસિદ્ધ લેખકો નીતિન વડગામા, ગીતા માણેક(મુંબઇ), આશુ પટેલ (મુંબઇ), શ્રી જોરાવરસિંહજી જાદવ, નટવર આહલપરા, પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી, ડો. વિષ્ણુ પ્રજાપતિ, અમુલ પરમાર, દિનેશ પંચાલ, દિનેશ ગજ્જર, હસમુખ બોરાણીયા સહિતના લેખકોની કલમ પ્રસાદી પીરસવામાં આવી છે.

સમાજ માટે ગૌરવની વાત

# અમદાવાદના ધર્મિષ્ઠાબેન બન્યા બાળ સંરક્ષણ આયોગના ચેરમેન





## યુવા વયેથી જ સમાજ સેવા કરતા ધર્મિષ્ઠાબેનની સરકારે કદર કરી

દીપોત્સવી પર્વ અરસામાં જ અમદાવાદ બોપલમાં રહેતા આપણા સમાજના શ્રી ધર્મિષ્ઠા વિષ્ણુભાઇ ગજજરને ભાજપની ભુપેન્દ્રભાઇ પટેલની સરકારે ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન તરીકે નિમણુંક કરતા વિશ્વકર્મા પરિવારમાં દીપોત્સવી પર્વનો આનંદ બેવડાયો હતો. ધર્મિષ્ઠાબેને હોદ્દો સંભાળતાની સાથે ભારતીય જનતા પક્ષના આગેવાનો, વિશ્વકર્મા પરિવારના આગેવાનોએ તેમના પર અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો.

બી.એ., બી.એડ. થઇને પ્રાઇવેટ સ્કુલમાં વર્ષો સુધી શિક્ષિકા રહી ચુકેલ કડી ચુવાળ સુથાર સમાજના ધર્મિષ્ઠાબેન યુવા વયથી જ સમાજ કાર્ય સાથે સંકળાયેલ હતા. ૨૦04માં તેઓ ભારતીય જનતા પક્ષમાં જોડાયા. ૨૦1૦ થી ૨૦૧૪ પક્ષના નેતા રહયા પછી નગરપાલિકાની ચુંટણી લડયા અને જીત્યા. ૨૦૧૬માં અમદાવાદ જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી. તેઓ વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપમાં ઉપપ્રમુખ હતા. હાલ પણ તેઓ કડી–ચુવાળ ગજજર સમાજમાં ઉપપ્રમુખ છે. તેઓ ઔડામાં ડીરેકટર પણ રહયા અને આ સાબરમતી જેલ  એડવાઇઝરી કમિટીના સભ્ય રહયા.  સમાજના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. યુવા વયથી જ સમાજમાં અને ભાજપમાં રહીને નોંધપાત્ર આપેલ સેવાની ગુજરાત સરકારે કદર કરીને તેમને ગુજરાત રાજયના બાળ અધિકાર સંરક્ષણના ચેરપર્સન તરીકે નિમણુંક કરી છે.

ધર્મિષ્ઠાબેનના પતિ વિષ્ણુભાઇ બીએસએનએલમાં હતા અને ત્રણેક વર્ષ પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે.

ધર્મિષ્ઠાબેન દિન પ્રતિદિન ઉચ્ચ સ્થાન પામતા રહે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની હાર્દિક શુભેચ્છા.





# અખિલ વિશ્વકર્મા સુથાર સંઘ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે યોગીનભાઇ છનિયારા

## પ્રમુખ તરીકે અમદાવાદના પરેશ છનિયારાને ફરી પ્રમુખ બનાવાયા : ધર્મેન્દ્રભાઇ દેવળીયા, શાંતિભાઇ ખોડદીયા સહિત ૧૧ ટ્રસ્ટીઓ







ગુર્જર સુતાર સમાજ ગુજરાત પ્રદેશનું સંગઠન બનાવવા માટેની શરૂઆત ઉના દેલવાડા ખાતે થઇ હતી. જેમાં ગુર્જર સુથાર સમાજનું એક ગુજરાતનું સંગઠન બનાવવું તેવા નિર્ણયો થયા હતા. ત્યારબાદ અમદાવાદ ખાતે અને રાજકોટ ખાતે સંગઠન બનાવવા માટે મિટીંગો યોજાઇ હતી. અમદાવાદ ખાતે સંગઠનની ચોથી મિટીંગમાં ગુજરાત પ્રદેશના સંગઠન જેનું નામ અખિલ વિશ્વકર્મા સુથાર સંઘ ગુજરાત રાખવામાં આવ્યું અને તેના પ્રથમ પ્રમુખ તરીકે અમદાવાદના ડો. પરેશ છનિયારાની વરણી કરવામાં આવેલ હતી. તે મિટીંગમાં ગુજરાતના બધી જ સંસ્થાના પ્રમુખો તેમજ કારોબારી સભ્યો હાજર રહેલા હતા અને ગુજરાત પ્રદેશની કારોબારી બનાવી તેવા નિર્ણયો થયા હતા. પણ સંજોગો વસાત એક વર્ષનો સમય વીતી જવા છતાં ગુજરાત પ્રદેશની કારોબારી બની શકી ન હતી અને સંગઠન સુષુપ્ત અવસ્થામાં જતુ રહેલ હતું. પરેશભાઇ છનિયારાએ પણ પ્રમુખપદેથી પોતાનું રાજીનામું આપી દીધેલું હતું. ફરીથી આગેવાનોએ સંગઠનને કાર્યરત કરવાનું બીડું ઝડપી ગુજરાતના બધી સુથાર જ્ઞાતિની સંસ્થાઓનું એક સંમેલન ચોટીલા ખાતે યોજાયું. જેમાં પરેશભાઇ છનિયારાની ફરીથી પ્રમુખ તરીકે વરણી કરાઇ. ચોટીલાના સંમેલનમાં ૫૦થી વધુ ગામના પ્રમુખો-હોદ્દેદારો ઉપસ્થિત રહયા. જેમાં ગુજરાતની અલગ શહેરની જ્ઞાતિ સંસ્થાના હોદ્દેદારોની પસંદગી કરી કમિટી બનાવાઇ. જયાં યુવા ઉદ્યોગપતિ યોગીનભાઇ છનિયારાની અધ્યક્ષ તરીકે વરણી કરાઇ. નવા વાડજના શાંતિભાઇ ખોડદીયાએ સભાની કાર્યવાહી હેન્ડલ કરી હતી અને નીતિન બદ્રકિયાએ સંચાલન કર્યું હતું. ચોટીલા સંમેલનના આયોજનની આર્થિક જવાબદારી જુનાગઢના કિશોરભાઇ જોલાપરાએ નિભાવી. ૧૦ સભ્યોની બંધારણ કમિટી બનાવાઇ. ત્યારબાદ તા. ૧૩-૧૨-૨૪ના રોજ રાજકોટ પ્રગતિ મંડળ ખાતે યોજાયેલ એક જ મહિનામાં તૈયાર થયેલ બંધારણને મંજુરી અપાઇ અને બાકી રહેલ હોદ્દેદારોની વરણી કરાઇ. રજીસ્ટ્રેશન માટે હોદ્દેદારોના સોગંદનામાની કાર્યવાહી હિરેન અરવિંદભાઇ સોંડાગરે કરી. આ મિટીંગનું આયોજન પ્રગતિ મંડળમાં તેના જ દ્વારા થયુ જેનો આભાર મનાયો.

ટ્રસ્ટ સમિતિમાં અધ્યક્ષ તરીકે યોગીનભાઇ છનિયારા-રાજકોટ, ઉપાધ્યક્ષ તરીકે ધર્મેન્દ્રભાઇ દેવળીયા-અમદાવાદ, ટ્રસ્ટીઓ ધર્મિષ્ઠાબેન ગજ્જર-ગાંધીનગર, જગદીશભાઇ ગજ્જર-અમદાવાદ, અરવિંદભાઇ ગજ્જર-ગાંધીનગર, રસિકભાઇ ધ્રાંગધરિયા-અમદાવાદ, અશોકભાઇ નાંડોરીયા-વેરાવળ, શાંતિલાલ ખોડદીયા-અમદાવાદ, મલકેશભાઇ ગજ્જર-અમદાવાદ, રસિકભાઇ બદ્રકિયા-રાજકોટ, કમલેશભાઇ બકરાણિયા-અમરેલી.

કાર્યવાહક સમિતિમાં પ્રમુખ તરીકે ડો. પરેશભાઇ છનિયારા-અમદાવાદ, મહામંત્રી તરીકે કિશોરભાઇ જોલાપરા-અમદાવાદ, અરવિંદભાઇ સોંડાગર-રાજકોટ, અશોકભાઇ માંડવીયા-સુરત, ખજાનચી તરીકે હિતેષભાઇ ખારેચા-અમદાવાદ, ઉપપ્રમુખ તરીકે જગદીશભાઇ સોંડાગર-રાજકોટ, નરેશભાઇ મોડાસીયા-ગીર સોમનાથ, બાબુભાઇ કરગથરા-સુરેન્દ્રનગર, પ્રવીણભાઇ માંડવીયા-અમરેલી, અરૂણભાઇ સોંડાગર-સુરત, વિનોદભાઇ મહીધરીયા-અમદાવાદ, દિપકભાઇ ભાલારા-કચ્છ, પ્રફુલભાઇ સોંડાગર-ભાવનગર.

કારોબારી સભ્યોમાં સહમંત્રી તરીકે શૈલેષભાઇ બાસોપીયા-ભરૂચ, ચંદુભાઇ ભાલારા-અમદાવાદ, મહેશભાઇ સોનીગ્રા-જુનાગઢ, સુરેશભાઇ છત્રાલીયા-રાજકોટ ગ્રામ્ય, વિનોદભાઇ પિલોજપરા-મોરબી, નરેશભાઇ સંચાણિયા-મહુવા, સંગઠન મંત્રી તરીકે હિરેનભાઇ મિસ્ત્રી-અમદાવાદ, પ્રવીણભાઇ

મોડાસીયા-ગીરસોમનાથ, રમતગમત મંત્રી તરીકે નરેન્દ્રભાઇ અડીએચા-અમદાવાદ, શિક્ષણ મંત્રી તરીકે નીતિનભાઇ બદ્રકિયા-રાજકોટ, કારોબારી સભ્યો રમણીકભાઇ પાટણવાડીયા-રાજકોટ, કાંતિભાઇ સિતાપરા-જુનાગઢ, રમેશભાઇ અંબાસણા-ધોરાજી, કલ્પેશભાઇ ચારોલા-સુરેન્દ્રનગર, ભરતભાઇ મહિધરીયા-લીંબડી, અશ્વિનભાઇ વડગામા-મીઠાપુર, પિયુષભાઇ ઘોરેચા-ગોંડલ, ગોપાલભાઇ વડગામા-તાલાલા, ધીરજલાલ સીતાપરા-કેશોદ, હિતેશભાઇ વડગામા-અમદાવાદ, કિરીટભાઇ ખંભાયતા-ગોંડલ, ચંદ્રેશભાઇ જોલાપરા-કચ્છ, હરેશભાઇ ભારદીયા-ગાંધીધામ, શાંતિલાલ ચાંપાનેરા-સોમનાથ, અરવિંદભાઇ વડગામા-વિરમગામ, નરેન્દ્રભાઇ બકરાણિયા-પડધરી, જાસ્મિનભાઇ ભાલારા-મોરબી.

# વિશ્વકર્મા પ્રભુજીના સાંનિધ્યમાં યોજાયુ ગજજર સખીવૃંદનું સ્નેહમિલન









ગજજર સખીવૃંદ દ્વારા તા. ૨૩-૧૧-૨૦૨૪ને શનિવારના રોજ શ્રી વિશ્વકર્મા પ્રભુજીના મંદિરમાં સાંજે ૪ થી ૬ વાગ્યે સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ ખુબ જ ઉત્સાહપૂર્વ નવા વર્ષના એકબીજાને નુતનવર્ષાભિનંદન પાઠવ્યા.

પ્રમુખ શ્રી વર્ષાબેન રાણપરીયાએ બધા જ બહેનો આવકારીને સ્વાગત કર્યું. અને નવુ વર્ષ ખુબ જ સારુંજાય સફળ જાય તેવી પ્રાર્થના સાથે થોડો વાર્તાલાય કર્યો. નીતાબેન વડગામાએ સુંદર મજાનું ભજન ગવડાવ્યું અને ત્યારબાદ જુદી જુદી બહેનોએ રમતો રમાડવામાં આવી.

સરપ્રાઇઝ ઇનામના દક્ષાબેન જાદવાણી વિજેતા બની હકકદાર બન્યાં. સૌથી મોટી વિંટી કોણે પહેરી છે ? તેનું ઇનામ ખંભાયતા ....... લઇ ગયા. સૌથી વધારે મેચીંગ કોણે કર્યું છે ? તેમાં મીનાબેન વડગામા (૧૨) વસ્તુ મેચીંગ કરી હતી. તેથી ઇનામ મેળવી ગયા. ભાવનાબેન વિરમગામાએ પરંપરાગત ભારતીય સંસ્કૃતિને અનુરૂપ વસ્ત્રો (સાડી) ધારણ કર્યા હતા અને લગ્નને અનુરૂપ, તહેવારને અનુરૂપ સજીધજીને આવ્યા હતાં. તેથી તેઓ પણ ઇનામના હકકદાર બન્યા.

આવી ઘણીબધી રમતો હતી તેમાં ઘણા બહેનો ઇનામ જીત્યાં અને ખુશ થયા.રમતો રશ્મિબેન ખંભાયતા અને જયોત્સનાબેન તલસાણિયાએ તૈયાર કરી રમાડી હતી. સૌએ સાથે નાસ્તો કર્યો હતો. જ્ઞાતિ પ્રમુખ શ્રી રસીકભાઇ બદ્રકિયાએ હોલ ઉપયોગ માટે અપ્યો હતો. માટે ગજજર સખી વૃંદ તેમનું આભારી છે.

આયોજન સફળ બનાવવા માટે પ્રમુખ વર્ષાબેન રાણપરીયા, મંત્રી દિપા વડગામા, મીનાબેન વડગામા, કિરણબેન મહિધરીયા, દિપ્તીબેન અઘેરા, જયોત્સનાબેન તલસાણિયા, ઇલાબેન ગોવિંદીયા, શોભનાબેન ધ્રાંગધરિયા, રશ્મિબેન ખંભાયતા, વર્ષાબેન ગજજર, ડોલીબેન તલસાણિયા તથા માલતીબેન મેસવાણીયાએ જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : વર્ષા રાણપરીયા**

# હિંમતભાઇ અને વિજયાબેન હિંમતભાઇ ગોવિંદીયાની ૯૦માં વર્ષની સોનેરી ઉજવણી





## વિદેશમાં વસતા સમગ્ર પરિવારે આપી હાજરી : સંતાનોએ વર્ણવ્યો હિંમતભાઇનો હિંમતભર્યો સંઘર્ષ

સમાજ, શિક્ષણ, સેવાનો દીપ સતત પ્રજવલિત રાખતા શ્રી હિંમતભાઇ ગોવિંદીયા અને તેમના ધર્મપત્ની વિજયાબેન ગોવિંદીયાના સોનેરી ૯૦માં જન્મદિવસની એક મહત્વપૂર્ણ પ્રસંગની ઉજવણી કરવામાં આવી.

આ છે હિંમતભાઇ ગોવિંદીયા તા. ૨-૭-૧૯૩૫ના રોજ કંપાલા ખાતે જન્મ થયો. મૂળ વતન રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાનું પીપરડી ગામ.

હિંમતભાઇ બે વર્ષના થયા ત્યાં પિતાનું અવસાન થયું. કુટુંબ પર દુઃખ આવી પડયું માતા સાથે રાજકોટ આવ્યા. કરણસિંહજી હાઇસ્કુલમાં ચાર ધોરણ અંગ્રેજીમાં અભ્યાસ કર્યો. ચૌદ વર્ષની ઉંમરે મુંબઇ કામ કરવા ગયા અને ત્યાંથી સોળ વર્ષની ઉંમરે આફ્રિકા ગયા.

બુદ્ધિ કોના બાપની આ વાતને સાર્થક કરતાં કરતાં પોતાના સંઘર્ષ થકી શુન્યમાંથી સર્જન કર્યુ.


પોતાના માટે તો સૌ જીવે પણ પોતાના કુટુંબીજનોને આફ્રિકા બોલાવી પોતાની સાથે વ્યવસાયમાં જોડયા. વ્યવસાય વટવૃક્ષ બન્યો. કંપનીમાં સો માણસો રોજી-રોટી મેળવતાં થયાં ત્યાં આપત્તિનો એક વધુ પહાડ તૂટી પડયો. વર્ષ ૧૯૭૧માં ઇદી-અમનનું શાસન આવ્યું. ક્રૂરતાનો કોરડો વિંઝાયો.

કુટુંબ, દેશ અને બધી ઘરવખરી મિલકત છોડી પહેરેલાં કપડે લંડન આવ્યા. વળી પાછું શુન્યમાંથી સર્જન કરવાનો સંઘર્ષ શરૂ થયો. પરંતુ હિંમતભાઇ જેનું નામ તે નામ મુજબ હિંમત હાર્યા વિના કઠોર પરિશ્રમનો પ્રારંભ કર્યો. લંડનમાં એક પછી એક પરિવારને સ્થિર કર્યો સાથે ધર્મપત્ની વિજયાબનેનો ફાળો નાનો સુનો નથી. લંડનમાં બંને પુત્રોને કારભાર સોંપી વર્ષ ૧૯૯૬માં હિંમતભાઇ અને વિજયાબેન રાજકોટ આવ્યા.

સેવા શિક્ષણ, સ્નેહ અને સૌ સાથે હળમળીને રહેતાં આ વરીષ્ઠ દંપત્તિ સરસ જીવન જીવી રહયા છે.

રાજકોટ નવલનગર વિસ્તારમાં આવેલ શ્રી અમૃત વિદ્યામંદિર બાલમંદિરથી ધો. ૧૨ સુધીની સ્કુલ શરૂ કરી પંદર વર્ષ થયાં નહીં નફો નહીં નુકશાનના ધોરણે શાળા સંચાલન કરતાં આ દયાળુ માનવી અન્યની સાથે સમાજના અપંગ, ગરીબ વાલી વિદ્યાર્થીની ખેવના કરી સારસંભાળ રાખે છે. અમૃત વિદ્યામંદિરમાં પારિવારિક વાતાવરણમાં હેમંતભાઇ દાદાનું વિશેષ વિશેષણ પામ્યા છે. રાજકોટથી થોડે દુર પોતાની વાડીમાં બાળકોને કુદરતના ખોળે ફરવા લઇ જાય અને પર્યાવરણનો આનંદ અપાવે છે.







આવું ઉમદા વ્યકિતત્વ ધરાવતાં શ્રી હિંમતભાઇ ગોંવિંદીયાના પરિવાર તેમના બંને દીકરા-દીકરીઓએ દાદા-દાદી અને નાના-નાનીના જીવનની સફર સમર્પણ અને મહેનતને તથા પારિવારીક મુલ્યોને બિરદાવવા લંડનથી બધા જ આ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવા ત્રીસથી વધુ તેમના દીકરા-દીકરીઓના સંતાન અને કુટુંબીજનો આવેલા.

તા. ૨૬ ઓકટોબર શનિવારના રોજ સાંજે સાત વાગ્યે સયાજી હોટલ રાજકોટમાં દાદા-દાદી, નાના-નાનીને સન્માનવા અને જન્મદિવસની ઉજવણી કરવાનો ભવ્ય કાર્યક્રમો તેમના સંતાનો દ્વારા કરવામાં આવ્યો.

સૌપ્રથમ બધાની ઓળખાણ કરાવી પ્રોજેકટર પર દાદા-દાદીના સ્મરણો અને લંડનથી સગા-સંબંધીઓએ મોકલેલ શુભેચ્છા દ્વારા યાદી તાજી કરી ત્યારબાદ તેમની દીકરી કનકબેને પોતાના પિતાશ્રીએ કેટલો પરિશ્રમ કર્યો અને બધા બાળકોને શિક્ષણ-સંસ્કાર આપી આગળ વધાર્યા તે બાબત કે તેમના આદર્શોને પરિણામે એક મજબુત અને ગતિશીલ સુંદર કુટુંબ બન્યું છે. તે યાદો રજુ કરી બધાની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા.

અમેરિકા રહેતા દાદા-દાદીના પૌત્ર આશિષભાઇએ આવડે એવી ગુજરાતી ભાષામાં દાદા-દાદીના લાગણી વિષેની વાતો રજુ કરી.

લંડનથી હિંમતભાઇના દીકરા-દીકરીઓ, પુત્રવધુ, જમાઇ બકુલભાઇ હિંમતભાઇ ગોવિંદીયા, રેખાબેન બકુલભાઇ ગોવિંદીયા, નરેશભાઇ હિંમતભાઇ ગોવિંદીયા, હંસાબેન નરેશભાઇ ગોવિંદીયા, કનકબેન મનિષ છત્રાલીયા, મનિષભાઇ છત્રાલીયા, રેખાબેન પ્રતિશ વડગામા, પ્રતિશભાઇ વડગામા, આશિત બકુલભાઇ ગોવિંદીયા, એન્ડ્રીયા આશિષ ગોવિંદીયા, ઇથન આશિત ગોવિંદીયા, રિષી દિલીપભાઇ સુદ્રા, હરિતા રિષી સુદ્રા, દાનિકા રિષી સુદ્રા, સાગર નરેશ ગોવિંદીયા, શીના સાગર ગોવિંદીયા, નયન સાગર ગોવિંદીયા, તરંગ નરેશ ગોવિંદીયા, કૃપા તરંગ ગોવિંદીયા, સુહાની તરંત ગોવિંદીયા, ચિરાગ મનિષ છત્રાલીયા, જૈમિની મનિષ છત્રાલીયા, નિશા મનિષ છત્રાલીયા, પારિન પ્રતિશ વડગામા, નિર્મલ નરેશ ગોવિંદીયા.

આ બધા પૌત્ર-પૌત્રીઓ તેમજ કુટુંબીજનો લંડનથી ખાસ આ પ્રસંગે દાદા-દાદી, નાના-નાનીના અદભુત વારસાનું સન્માન અને જીવનના માર્ગદર્શક સ્તંભને બિરાદવવા આવી કાર્યક્રમને વિશેષ સુંદર બનાવ્યો.

દાદા હિંમતભાઇ ગોવિંદીયાએ ખાટલી ગામે ગોવિંદીયા પરિવારના દેવસ્થાન બનાવવા બહુ મહેનત કરી અમુલ્ય ફાળો આપ્યો. તે દેવ-માતાજી સૌને યાદ કરી યાદગાર પ્રસંગ બની રહયો. અમૃત વિદ્યામંદિરના સ્ટાફ પરિવારે વિજયાબેન અને હિંમતભાઇનું સન્માન કર્યું.

કાર્યક્રમનું સંચાલન વિશાલ વડગામાએ કર્યું. આવા તન-મન-ધનથી કુટુંબ સમાજ, શિક્ષણની સેવા કરનાર શ્રી હિંમતભાઇ ગોંવિદીયા અને વિજયાબેન ગોવિંદીયાને શુભેચ્છા.

**– માલતીબેન મેસવાણિયા**
**(શ્રી અમૃત વિદ્યામંદિર-રાજકોટ.)**

# બાળકોમાં રહેલ સ્કીલ ડેવલપ કરવી જરૂરી : યોગીન છનિયારા

## શ્રી ગુ.સુ. પ્રગતિ મંડળ ખાતે દ્વિ-દિવસીય સ્નેહમિલન ઉત્સવ ઉજવાયો

- પ્રવીણ ગજજર










રાજકોટના શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા આ વર્ષે સ્નેહમિલનની બે દિવસીય ઉજવણી કરવામાં આવી હતી. તા. ૧૨/૧૧/૨૪ના રોજ દેવદેવાળી પહેલાની સમી સાંજે પ્રગતિ મંડળ ખાતે શ્રી નાથજીની ઝાંખીનો કાર્યક્રમ માણ્યો હતો.

અરવિંદભાઇ ગજજર અને પ્રમુખ રમણીકભાઇ પાટણવાડીયાના સંકલ્પને સાકાર કરવા ગાયક ચંદ્રેશભાઇ ગજજર અને સત્સંગ ગ્રુપના સથવારે પરિવારના ભાઇ-બહેનો અને બાળકોએ કાર્યક્રમ મનભરીને મોડી રાત સુધી માણ્યો હતો. આ કાર્યક્રમમાં મળેલ ભેટની રકમ ગૌશાળા, પક્ષીઓના ચણ, મેડીકલ અને સામાજીક કાર્યક્રમમાં વપરાશે.

### ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત

તા. ૧૩ એટલે કે દેવદિવાળીના દિવસે પ્રગતિ મંડળના આંગણે સ્નેહમિલનની સાથે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ, વિશિષ્ટ સન્માન અને દાતા સન્માનનો કાર્યક્રમ અને પ્રગતિ મંડળની સામાન્ય સભા એમ પંચરંગી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અખિલ વિશ્વકર્મા સુથાર સંઘ ગુજરાતના પ્રમુખ અને યુવા

## તેજસ્વી વિદ્યાર્થીઓ ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલથી સન્માનીત

# ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ અપાઇ : યોગીનભાઇ છનિયારાના મુખ્ય મહેમાન પદે યોજાયો કાર્યક્રમ










ઉદ્યોગપતિ અને અનેક સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા યોગીનભાઇ છનિયારાના પ્રમુખ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં અમદાવાદ શ્રી સૌરાષ્ટ્ર ગુ.સુ. યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા, યુથફોરમના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, ઉના દેલવાડાના પ્રમુખ નરેશભાઇ મોડાસીયા, મંત્રી પ્રવીણભાઇ મોડાસીયા, સુરતના અશોકભાઇ માંડવીયા, ઉપરાંત ધોરાજી, સોમનાથ, સુરેન્દ્રનગર, વિરમગામ, પડધરી, તાલાળા, કેશોદ-વેરાવળ સહિતના શહેરોની સંસ્થાના હોદ્દેદારો અને પ્રતિનિધિ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય બાદ પ્રગતિ મંડળના પ્રમુખ રમણીક પાટણવાડિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં ગેમઝોનમાં માર્યા ગયેલા ૨૭ને યાદ કરી આ ઘટના બાદ કોર્પોરેશન દ્વારા સંસ્થાઓને એનઓસી લેવાની ફરજ પાડયા બાદ સંસ્થામાં યુદ્ધના ધોરણે કામગીરી કરી ત્રણેય માળમાં ફાયર સુવિધા ઉભી કરી, જરૂરી નવા દરવાજા મુકાવ્યા અને છ જ મહિનમાં એનઓસી મેળવી શકાયુ. તે બદલ આનંદ વ્યકત કર્યો હતો.

રમણીક પાટણવાડિયાએ આ વર્ષથી કે.જી. થી ૧૨ ધોરણ સુધીના વિદ્યાર્થીઓને તદ્દન નવા પાઠય પુસ્તકો દાતાના સહયોગથી અપાયા છે. ૪ ભાષાના નવા સત્ર માટેના પુસ્તકો, ફુલસ્કેપ ચોપડા પણ વિદ્યાર્થીઓને અપાયા હોવાનું જણાવી સંસ્થાના હિસાબો ૨૪ કલાક ખુલ્લા હોવાનું કહી જેને જયારે જોવા હોય તે જોઇ શકે છે. તેમ જણાવ્યું હતું. તેમણે સંસ્થા દ્વારા થતી સામાજીક, સેવાકીય પ્રવૃત્તિ, સામાજીક ઉત્કર્ષના કાર્યો અને પાઠયપુસ્તક માટે અનુદાન આપનાર સૌનો આભાર વ્યકત કર્યો હતો.

ગત મિનિટનું વાંચન મંત્રી શૈલેષભાઇ માંડવીયાએ કર્યુ. વર્ષ ૨૦૨૪-૨૫નું સુચિત બજેટ સહ ખજાનચી પ્રફુલભાઇ કળસારાએ અને ૨૩-૨૪નો ઓડીટ રીપોર્ટ ખજાનચી વિમલભાઇ સોંડાગરે રજુ કર્યો. જેને સર્વાનુમતીથી બહાલી આપવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાનપદેથી અખિલ વિશ્વકર્મા સુતાર સંઘના ગુજરાતના અધ્યક્ષ યોગીન છનિયારાએ દેવ-દિવાળીના પવિત્ર પ્રસંગે સ્નેહમિલન સાથે વિદ્યાર્થી સન્માન, દાતા સન્માન, વિશિષ્ટ પ્રતિભા સન્માન જેવો વિવિધતા સભર કાર્યક્રમ યોજવા બદલ પ્રગતિ મંડળને અભિનંદન આપવાની સાથે જણાવ્યું હતું કે, આજે ૨૧મી સદીમાં નવા વર્ષે એકબીજાને ઘેર જઇને મળવાનું લુપ્ત થતું જા છે. અને કુટુંબપ્રથા નાબુદ થતી જાય છે. તેવી પરિસ્થિતિઓ આ પ્રકારના સ્નેહમિલન આવશ્યક છે.

તેમણે કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં શિક્ષણનું સ્તર ઘણું ઉંચુ આવતુ જાય છે. અને આપણા સમાજના લોકો પણ શિક્ષણમાં સારો દેખાવ કરવા લાગ્યા છે. તેમણે માતા-પિતાને વિદ્યાર્થીઓમાં રહેલી સ્કીલ ડેવલપ થાય તેવા પ્રયત્નો કરવા અપીલ કરી હતી.








યોગીન છનિયારાએ બાળકોની ક્રિએટીવીટીને પ્રોત્સાહન આપવા અપીલ કરવાની સાથોસાથ સંગઠનના માધ્યમથી સારી કેળવણીનું નિર્માણ થાય તે માટે પ્રયત્નશીલ રહેવા જણાવ્યું હતું. આ પ્રસંગે દેલવાડાના મંત્રી પ્રવીણભાઇ મોડાસીયાએ આવા સ્નેહમિલનથી પરિવારો નજીક આવે છે અને પારિવારિક ભાવના કેળવાય છે. તેમ જણાવી આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ પ્રગતિ મંડળને અભિનંદન આપ્યા હતા.

તેમણે દેલવાડામા ફેબ્રુઆરીમાં યોજાનાર સમુહલગ્નના ૨ દિના જાજરમાન આયોજન અંગે માહિતી આપી. કાર્યક્રમ માટે સૌને આમંત્રિત કર્યા હતા. તેમણે સંસ્થા દ્વારા કદી ફંડફાળો કરવા જતા નથી. લોકોના સ્વૈચ્છિક અનુદાનથી આયોજન થતા હોવાનું જણાવ્યું હતું.

અમદાવાદના યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયાએ કહયું કે આવા કાર્યક્રમથી સમાજમાં એકતા વધે છે. એકતા માટે યુવા પેઢીને આગળ આવવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે પ્રગતિ મંડળના સભ્ય પરિવારમાંથી ધો. ૧ થી ૧૨ના પ્રથમ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ, પ્રમાણપત્ર અને ગીફટ મહાનુભાવોના હસ્તે એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. તેમજ ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને શ્રી અરવિંદભાઇ ગજ્જર અને યોગીન છનિયારાના હસ્તે સ્કોલરશીપના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માયા હતા. આ પ્રસંગે ચાર્ટડ એકાઉન્ટન્ટ બનનાર સભ્ય પરિવારની ક્રિષ્ના અશ્વિન ખંભાયતા અને પીએચ.ડી. કરી રહેલ વિદ્યાર્થીનું મેડલ અને સન્માનપત્ર આપી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ બાદ સૌએ પ્રિતી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમના આયોજન અને વ્યવસ્થા માટે તથા સફળ બનાવવા માટે છેલ્લા બે મહીનાથી અધ્યક્ષશ્રી અરવિંદભાઈ ગજ્જર તથા પ્રમુખશ્રી રમણીકભાઈ પાટણવાડીયાના માર્ગદર્શન નીચે સંસ્થાના ઉપાધ્યક્ષ શ્રી મથુરભાઈ પાટણવાડીયા, ટ્રસ્ટીશ્રીઓ અરવિંદભાઈ ગંગાજળીયા, જગદીશભાઈ સોંડાગર, ગોરધનભાઈ ચાપાનેરા, રસીકભાઈ વાઘસણા તેમજ કારોબારી સમીતીના ઉપ પ્રમુખશ્રી વિનોદભાઈ ધારૈયા, મંત્રીશ્રી, શૈલેષભાઈ માંડવીયા, ખજાનચી શ્રી વિમલભાઈ સોંડાગર, સહ ખજાનચી શ્રી પ્રફુલભાઈ કરશાળા, કારોબી સભ્યો શ્રી સુરેશભાઈ સોડાગર, રમેશભાઈ સોનીગરા, અશોકભાઈ સોનીગરા,નલીનભાઈ ગંગાજળીયા, જીતેન્દ્રભાઈ ધારૈયા, ગોપાલભાઈ ખંભાયતા, નિતિનભાઈ બકરાણીયા, ઈશ્વરભાઈ પંચાસરા તેમજ કાર્યકર્તાઓ શ્રી વિજયભાઈ સાપરા, દિપકભાઈ ચંદવાણીયા, રમેશભાઈ પાટણવાડીયા, જયસુખભાઈ સોનીગરા, રમેશભાઈ સોંડાગર, રાજુભાઈ ઉછડીયા, કમલેશભાઈ સોનીગરા, શૈલેષભાઈ ચાપાનેરા, જગદીશભાઈ પાટણવાડીયા, વિજયભાઈ સોંડાગર, રાજ માંડવીયા, અર્ચના બકરાણીયા, વિગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા ખુબ જહેમત ઉઠાવેલ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન પ્રમુખશ્રી રમણીકભાઈ પાટણવાડીયાએ કરેલ.

## પંચાસરા પરિવાર-રાજકોટનું યોજાયુ સ્નેહમિલન

# પોતાનામાં રહેલી અદ્‌ભુત ક્ષમતા ઓળખતા શીખો : શૈલેષ સગપરીયા






પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ રાજકોટમાં વસવાટ કરતા પંચાસરા પરિવારનું સ્નેહમિલન પંચશીલ સોસાયટીના કોમ્યુનિટી હોલ ખાતે યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરમાં વસવાટ કરતો સમગ્ર પંચાસા પરિવાર ઉમટી પડયો હતો.

ગીરીશભાઇ પંચાસરાએ ઉપસ્થિત સૌને આવકાર આપ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે પંચાસરા પરિવાર દ્વારા શ્રી અમૃતભાઇ પંચાસરા, આનંદ વુડન વાળા આનંદભાઇ, મુકેશભાઇ પંચાસરા (રૂપકલા), જયસુખભાઇ પંચાસરા તેમજ કનકાઇ માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઇ ઓઝા, ઉપપ્રમુખ હીરજીભાઇ વાઢીયા, ખજાનચી મનસુખભાઇ વાઢીયા, સભ્ય દિવ્યેશભાઇ પંચાસરા જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા તેમજ કારોબારી સભ્યો કિશોરભાઇ બોરાણીયા, પ્રદિપભાઇ ધ્રાંગધરીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વકર્મા વિશ્વના તંત્રી અને ઉમેશભાઇ ગજ્જરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

મુકેશભાઇ પંચાસરા (રૂપકલા)એ સ્વ. ધનજીભાઇ પંચાસરાને યાદ કરીને કહ્યું કે, પંચાસરા પરિવારનું સ્નેહ મિલન શરૂ કરવામાં તેઓની પ્રેરણા હતી. આવા સ્નેહમિલનથી એકબીજાની ઓળખ થાય છે. અને નવી પેઢી એકબીજાની નજીક છે. પંચાસરા પરિવારના યુવાનો કોઇપણ જાતના વાદ-વિવાદ વગર કામ કરે છે તે અનેરી સિદ્ધિ છે. પંચાસરા પરિવારે સમાજના એવા કાર્યમાં અનોખી ઓળખ ઉભી કરી છે. જ્ઞાતિ દ્વારા યોજાતા બ્લડ કેમ્પનું સંચાલન ૭ વર્ષની પંચાસરા પરિવારની યુવાનોની ટીમ કરી રહી છે. તેમણે આ યુવાનોની ટીમને અભિનંદન આપ્યા હતા.


આ પ્રસંગે કનકાઇ માતાજી મંદિર ટ્રસ્ટ અંગેની તેમજ મંદિર અંગે માહિતી નિવૃત્ત ફોરેસ્ટ ઓફીસર ધર્મેન્દ્રભાઇ દવેએ આપી હતી. કનકાઇ માતાજીના પ્રાગટયથી માંડીને માળીયા હાટીના ખાતે બનતા મંદિરની કામગીરી અંગે માહિતી

## પંચાસરા પરિવારના યુવાનોએ સેવાકીય ક્ષેત્રે અને તે સિદ્ધિ મેળવી છે : મુકેશભાઇ પંચાસરા

# માળીયા હાટીનામાં બનતા કનકાઇ માતાજી મંદિર માટે સહયોગ આપવા અપીલ







આપી હતી. અને તેમનો મહિમા વર્ણવ્યો હતો. તેમણે કનકાઇ માતાજીનું મંદિર ભવ્ય બને તે માટે પ્રયત્નશીલ રહેવા તેમજ મંદિરની ચાલતી કામગીરી નિહાળવા સૌને આમંત્રણ આપ્યું હતું. મંદિર નિર્માણમાં પંચાસરા પરિવાર દ્વારા મળી રહેલા સહયોગની તેમણે સરાહના કરી. સાથોસાથ મંદિરમાં કોઇપણ જાતની સેવા આપવા એક્યુબીક ઇન્ટીરીયરના દિવ્યેશભાઇ પંચાસરા (૯૯૦૯૬૦૬૨૧૪) અને સિવિલ કોન્ટ્રાકટર જયેશભાઇ પંચાસરાનો (૮૭૫૮૪૯૧૨૨૦)નો સંપર્ક સાધવા જણાવ્યું હતું.

આ પ્રસંગે મોટીવેશનલ સ્પીકર શૈલેષભાઇ સગપરીયાએ જીવનમાં સફળતા મેળવવા શું કરવું જોઇએ. તેની વિસ્તૃત સમજ હનુમાનજીની ૪ ઘટનાનું વિવરણ કરી આપી હતી. તેમણે દરેકમાં અદ્‌ભુત ક્ષમતા પડી છે. તેને ઓળખવા લાલચથી દુર રહેવા, જણાવવાની સાથોસાથ લગ્નમાં થતા ખોટા ખર્ચા બંધ કરીને બચત કવરાનો મહીમા સમજાવ્યો હતો. તેમણે સમય પ્રમાણે બદલાવ લાવવાની જરૂરીયાત પર ભાર મુકવાની હીમાયત કરી હતી.


શ્રી શૈલેષ સગપરીયાએ આજે બાળપણથી જ મોબાઇલનું જે વળગણ લાગતુ જાય છે. તે અંગે ચિંતા વ્યકત કરી મોબાઇલથી કેવી બરબાદી થાય છે. તેની વિસ્તૃત જાણકારી આ માટે વાલીઓએ જાગૃત થવાની જ્ઞાતિ જરૂરીયાત હોવાનું જણાવ્યું હતું.

આભાર દર્શન બાદ સૌએ સાથે મિષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

# કળસારીયા પરિવાર દ્વારા કળસાર ગામે પાટોત્સવ ઉજવાયો










તા. ૨૩-૧૧-૨૦૨૪, કારતક વદ આઠમને શનિવારના શુભ દિવસે મહુવા તાલુકાના કળસાર ગામે શ્રી કળસારીયા દાદાના મંદિરે ૧૪ મો પાટોત્સવ ઉજવાયો. જેમાં ગુર્જર સુથાર સમાજના કળસારા પરિવાર તેમજ અન્ય જ્ઞાતિ બંધુઓના સથવારે લઘુ રૂદ્ર યજ્ઞ તેમજ રૂદ્ર અભિષેક હવનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૭ જેટલા પરિવારના યુગલોએ હવનમાં ભાગ લીધો હતો. તદુપરાંત મુંબઈ, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, અમરેલી તેમજ આસપાસના ગામડાંઓમાંથી ઘણા પરિવારો એકત્રિત થયા હતા અને દાદાના દર્શન કરી ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

# સમસ્ત કલોલીયા પરિવાર દ્વારા સ્નેહમિલન/ વિદ્યાર્થી સન્માન અને દાતા સન્માનનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો







તા. ૧૭/૧૧/૨૦૨૪ રવિવારના રોજ સુરાપુરા દાદાના સાનિધ્યમાં (ગામ-ભાડવા) મુકામે કાર્યક્રમનું આયોજન થયું હતું.

સવારે ૮:૩૦ વાગ્યે સુરાપુરા દાદાની પૂજા આરતી કરવામાં આવી હતી ત્યાર બાદ કલોલીયા પરિવારના આ વર્ષના સ્નેહ મિલનના મહાપ્રસાદના દાતાશ્રીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

સરધાર પાસે આવેલું ગામ ભાડવા સ્થિત સુરાપુરા દાદાના સાનિધ્યના મકાનનુ નવીનીકરણના દાતાશ્રીઓને પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા હતા અને વિદ્યાર્થીઓને શિલ્ડ અને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા, ડોક્ટરની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધારતા ડો. બિનલબેન જયેશભાઈ કલોલીયા B.D.S. (Dentist) અને ડો. નરેશભાઈ વસંતભાઈ કલોલીયા (Astrologyst) મોમેન્ટ અર્પણ કરીને શુભેચ્છા પાઠવવામાં આવી, મકાનના બાંધકામમાં રાત દિવસ અર્થાત મહેનત કરનાર શ્રી દિલીપભાઈ રતિભાઈ કલોલીયાનુ પરિવારના કમિટી મેમ્બર્સ દ્વારા સાલ અને બુકે થી સન્માનીત કરી આભાર વ્યક્ત કરેલ, કલોલીયા પરિવારના સદગતના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાડીને પ્રાથના કરવામાં આવેલ, ત્યારબાદ રાષ્ટ્રગાન દ્વારા કાર્યક્રમ પૂર્ણ કરી સર્વે સાથે મળીને મહાપ્રસાદ લીધેલ, ત્યારબાદ સર્વો મત અનુસાર સમસ્ત કલોલીયા પરિવાર મળીને સુરાપુરા દાદાને નિવેદ જમાડવાની તિથિ અને સ્નેહમિલનની તિથિ નક્કી કરવામાં આવેલ છે.


શ્રી ગુર્જર સુતાર કલોલીયા પરિવાર દ્વારા વર્ષમાં બે કાર્યક્રમ કરવામાં આવે છે. આવતા વર્ષ -૨૦૨૫ના કાર્યક્રમો નીચે મુજબ રહેશે જેની નોંધ સર્વે પરિવારજનોએ ધ્યાનમાં લેવી.

૧. સમસ્ત કલોલીયા પરિવાર દ્વારા સુરાપુરા દાદાના સાનિધ્યમાં ગામ-ભાડવા મુકામે નિવેદ તારીખઃ- ૨૬/૦૫/૨૦૨૫ વૈશાખ-વદ ચૌદસ સોમવારના રોજ યોજવામાં આવશે

૨. સમસ્ત કલોલીયા પરિવારનો આવતા વર્ષનું સ્નેહમિલન તારીખઃ-૩૧/૧૦/૨૦૨૫ કારતક સુદ નોમ ને શુક્રવારના રોજ યોજવામાં આવશે.

# શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડા દ્વારા ફેબ્રુઆરીમાં સમુહલગ્નોત્સવ

શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડા દ્વારા એક લગ્ન મહોત્સવ વ્હાલી દિકરીની વિદાય ભવ્ય આયોજન કરવામાં આવેલું છે જેમાં આપણા સમાજના ગૂર્જર સુથાર જ્ઞાતિના દરેક લોકો જોડાઈ શકે છે એની અંદર લગ્નનું આયોજન બે દિવસ માટેનું છે મંડપ મુહૂર્ત ૨૨/૨/૨૦૨૫ લગ્ન દિવસ તારીખ ૨૩/૨/૨૦૨૫ નાં રોજ રાખેલ છે.



મંદિરના ટ્રસ્ટ દ્વારા પ્રમુખશ્રી નરેશભાઈ લખમણભાઇ મોડાસીયા, મંત્રી પ્રવીણભાઈ બાબુભાઈ મોડાસીયા છે તેમજ ખજાનચી યોગેશભાઈ મોહનભાઈ વિસનગર, તેમજ સંયોજક દિનેશભાઈ પ્રાગજીભાઈ કરસાળા તેમજ કાર્યકર તરીકે અલ્પેશભાઈ મગનભાઈ જહલેરા, અનિલભાઈ અમુભાઈ વઢવાણ, રાજેશભાઈ ચીમનભાઈ મોડાસીયા છે.

મહેશભાઈ બસુભાઈ વઢવાણ, તેમજ સમાજના અન્ય આગેવાન ભાઈઓ યુવાનોના સહકારથી આ એક વ્હાલી દીકરીની વિદાયનું આયોજન કરેલું છે.

સમુહલગ્નમાં ગુર્જર સુથાર જ્ઞાતિના દરેક લોકો વધારેમાં વધારે આવે તેવું વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડા દ્વારા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવે છે. સમુહલગ્ન સ્થળ કોટેચા પાર્ટી પ્લોટ રાખવામાં આવેલું છે વરરાજાને ઉતારા માટે હોટેલ હરભોલે ભાવનગર રોડ ઉપર આવેલું છે બંને સ્થળ બાજુમાં છે તેની અંદર બીજું કે કોઈ પણ દીકરા કે દીકરી તરફથી એક પણ રકમ ફી લેવાની નથી. સમુહલગ્ન માટે ફી લેવામાં આવતી નથી અને સમુહલગ્નમાં લાવવાની કોઈ સંખ્યાની મર્યાદિત નથી તેની અંદર ગમે તેટલા વ્યક્તિ લાવી શકે છે તે આપણા સમાજના હોવા જોઈએ. ટ્રસ્ટી મંડળ દ્વારા કોઈપણ કાર્યક્રમ વખતે ક્યાય પણ ફંડ ફાળો લેવા જતા નથી

જે કંઈ ફંડ ફાળો કે જે કંઈ સ્વૈચ્છિક મોકલી શકે છે અથવા રૂબરૂ આવી અને લખાવી શકે છે તેમ દેલવાડા મંદિરના પ્રમુખ નરેશભાઇ વિશરોલીયા અને મંત્રી અને અ.વિ. સુથાર સંઘના ઉપપ્રમુખ નરેશભાઇ મોડાસિયાએ જણાવ્યું છે.

# અમદાવાદમાં સોનીગરા પરિવારે પારીવારીક સ્નેહમિલનની પહેલ કરી

- પ્રવીણ ગજ્જર




અમદાવાદમાં અત્યાર સુધી નવા વર્ષના પ્રારંભે પારીવારીક એટલે કે અટક પ્રમાણે સ્નેહ મિલન થતા ન હતા પરંતુ આ વર્ષની અમદાવાદમાં વસવાટ કરતા સોનીગરા પરિવારે નવો ચીલો ચાતરી પારીવારીક સ્નેહ મિલનના શ્રી ગણેશ થયા છે. અમદાવાદમાં ગત રવિવારે વાડજની વાડી ખાતે સોનીગરા પરિવારના યોજાયેલ સ્નેહમિલનમાં સમગ્ર સોનીગરા પરિવાર ઉમટી પડયો હતો અને એક બીજાએ નવા વર્ષની શુભકામના પાઠવી હતી.



સ્નેહમિલનનો પ્રારંભ દીપ પ્રાગટયથી થયો હતો. જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપ દાસજીએ દીપ પ્રાગટય કર્યું હતું. આ પ્રસંગે સોનીગરા પરિવારના મોભી તુલસીદાસ સોનીગરા, અખિલ વિશ્વકર્મા સુથાર સંઘ-ગુજરાતના અધ્યક્ષ યોગીનભાઇ છનિયારા, રાજકોટ પ્રગતિ મંડળના અધ્યક્ષ અરવિંદભાઇ ગજ્જર, પ્રમુખ રમણીકભાઇ પાટણવાડીયા, સોનીગરા પરિવાર સુરાપુરા ટ્રસ્ટના અંબાલાલભાઇ, રમેશભાઇ જયંતીભાઇએ પણ દીપ પ્રાગટયમાં સહયોગ આપ્યો હતો અને બાદમાં સૌએ શ્રી દિલીપદાસજી મહારાજના આશીર્વાદ લીધા હતા.



શ્રી દિલીપદાસજી મહારાજે આર્શીવચન આપી સોનીગરા પરિવારના આયોજનને બિરદાવી અને વિશ્વકર્મા પ્રભુજીનું મહત્વ સમજાવી વિશ્વકર્મા પરિવાર સંગઠીત એક અને નેક બને તેવા આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે રમણીકભાઇ પાટણવાડીયાએ સોનીગરા પરિવારના સૌપ્રથમ સ્નેહમિલનનું આયોજન કરવા બદલ તુલસીભાઇ અને તેની ટીમને અભિનંદન આપી કહયું કે આજની શિક્ષીત યુવા પેઢી પાશ્ચયાતના રંગે રંગાતી જાય છે. વેસ્ટર્ન સ્ટાઇલમાં બદલાવ જરૂરી છે. અગાઉ નવા વર્ષે પરિવારો એક બીજાને ઘરે જઇને નવા વર્ષની શુભેચ્છા

## ઘેર ઘેર જઇને આમંત્રણ આપ્યા : શ્રી દિલીપદાસજી મહારાજે આપ્યા આશીર્વાદ

# તુલસીભાઇ સોનીગરા અને તેમની ટીમનું સફળ આયોજન









આપતા હવે આ ઓછુ થતુ જાય છે. ત્યારે આવા પારિવારીક મિલનથી એકબીજાની ઓળખ તાજી થાય છે. તેમજ લાગણીની આપલે થાય છે. અમદાવાદમાં ૧૦૦ જેટલા પરિવારો અલગ અલગ જગ્યાએ વસાવટ કરે છે. આ પરિવારરૂપી વેરાયેલ પાંદડી એકઠી કરવાનું કાર્ય-વંદનીય છે.

યોગીન છનિયારા આ પ્રસંગે કહયુ કે, સોનીગ્રા પરિવારને એકત્ર કરવાનું તુલસીભાઇનું કામ સરાહનીય છે. આવા પ્રસંગે બધાને એક કરવાનું કામ કરે છે અને અન્ન ભેગા તેના મન ભેગાના સુત્રને સાર્થક કરે છે.

કન્યા છાત્રાલયમાં ભણીને ડોકટર બનેલ સોનીગરા પરિવારની રિદ્ધિ બરોડામાં પોતાનુ કલીનીક ચલાવે છે. ડો. રિદ્ધિની ઉપસ્થિત જોઇ યોગીન છનિયારાએ કહયું કે આવી અનેક દિકરીઓ કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન ભોગવી રહી છે. તે નિહાળી-સાંભળી અનેરો આનંદ થાય છે.

શ્રી રમેશભાઇ સોનીગરાએ આ પ્રસંગે સુડાવડ ખાતે બિરાજતા સુરાપુરા દાદાના સ્થાનકના વિકાસની તેમજ મોમાઇ માતાના મંદિર વિષે માહિતી આપી અને આ સ્નેહમિલન માટે ઘેર-ઘેર જઇને કેવી રીતે માહિતી એકત્ર કરી તેનાથી સૌને માહિતગાર કર્યા હતા. અને સુડાવડ આવવા સૌને આમંત્રણ આપ્યું હતું.

આ પ્રસંગે યુથ ફોરમ વાડજના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયાએ પ્રાસંગીક ઉદબોધનમાં કહયુ કે જીવન ક્ષણ ભંગુર છે. આનંદથી જીવન જીવવુ જોઇએ શ્રી કૃષ્ણનો આજ સંદેશ છે. તેમણે સ્વને બદલે સર્વની ભાવના અપનાવવામાં આવે તો ઘણી સમસ્યાનો હલ થાય. તેમણે અમદાવાદનું સૌપ્રથમ પારિવારીક મિલન યુથ ફોરમને આંગણે યોજાયુ તે બદલ હરખ વ્યકત કર્યો હતો.

ગીતા મંદિર યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયાએ અટક પ્રમાણે થતા સ્નેહ મિલન સમાજની પ્રગતિ દર્શાવે છે. તેમ કહી બધી અટકવાળા આ પ્રકારના સ્નેહમિલન કરે અને એક થાય બાદમાં આ બધા પરિવારો વચ્ચે એકતા થાય તો આપણા સમાજ પટેલ સમાજ જેવી પ્રગતિ કરશે તેમાં કોઇ શંકા નથી તેમ પણ જણાવ્યું હતું.

એડવોકેટ કિરીટભાઇ લલ્લુવાડીયાએ આ પ્રસંગે વિરોધની વિચારધારા બદલે શાંતિની વિચારધારા અપનાવવા અપીલ કરી હતી.

શ્રી તુલસીભાઇ સોનીગરાએ પરિવારનું સ્નેહ મિલન માટે માહિતી મેળવવા કરેલ પરિશ્રમથી સૌને માહિતગાર કરી. માહિતી ભેગી કરવા ૧૦૦ જેટલા ઘરનો સંપર્ક કરનાર સમગ્ર ટીમને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે કાર્યક્રમના પ્રારંભે તુલસીભાઇ સોનીગરાએ યોગીનભાઇ છનિયારા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જરનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. રમેશભાઇનું સન્માન હેમેન્દ્રભાઇએ, અરવિંદભાઇ ગજ્જરનું સન્માન કિશોરભાઇએ, શાંતિભાઇ ખોડદીયાનું વિમલભાઇએ, અંબાલાલભાઇનું સન્માન નરોતમભાઇએ, જેન્તીભાઇનું સન્માન ભાવિનભાઇએ રમણીક પાટણવાડીયાનું સન્માન વિનોદભાઇએ અને ધર્મેન્દ્ર દેવળીયાનું સન્માન મહેશભાઇએ કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રેષ્ઠ શિક્ષકનું બિરૂદ પામેલ વિશાલ ગજ્જરે કર્યું હતું. કાર્યક્રમમાં નીતિન પિલોજપરા, રાજકોટ જીએચપી ગ્રુપના મનિષભાઇ વીસાવડીયા અને હિરેન કલીલીયાએ પણ હાજરી આપી હતી. કાર્યક્રમ બાદ સૌએ પ્રિતી ભોજન કર્યું હતું.

# શિતલ ભાડેશીયા સહિત 3 નવોદિત સર્જકોનું સાહિત્ય સેતુ દ્વારા સન્માન





સાહિત્ય વિશ્વ

રાજકોટમાં સાહિત્ય પ્રવૃત્તિને સદાય ધમધમતી રાખે છે. તેવી સંસ્થા દિકરાનું ઘર ઢોલરા પ્રેરિત સાહિત્ય સેતુ દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત નવોદિત સર્જકોનું સન્માન કરવાનો કાર્યક્રમ રાજકોટની સરોજીની નાયડુ ગર્લ્સ હાઇસ્કુલમાં રાખવામાં આવ્યો હતો. સાથોસાથ પુસ્તક પ્રદર્શન અને વકૃત્ય સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

સાહિત્ય મર્મી આર.પી. જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન સીઝન સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઇ જોષીએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં સાહિત્યીક સર્જકો, સાહિત્ય પ્રેમીઓ, વિદ્યાર્થીની બહેનો અને સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહયો હતો.

પુસ્તક પ્રદર્શનમાં ૧૦૦૦ જેટલા પુસ્તકો મુકાયેલ જે વિદ્યાર્થીઓએ રસપૂર્વક નીહાળી ઘેર વાંચવા પણ લઇ ગયેલ અને સૌએ નિયમિત વાંચનનો સંકલ્પ કરેલ. નવ વિદ્યાર્થીઓએ જીવનમાં પુસ્તકનું મહત્વ એ વિષય પર વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ. તમામ બહેનોએ જાણીતા ઉદ્યોગપતિ કિશોરભાઇ ટુમર, ભાજપ ઉપપ્રમુખ પુજાબેન પટેલ, યુવા અગ્રણી રાજ જાડેજા, સાહિત્ય પ્રેમી ભરતભાઇ સુરેલીયા, ભાડલાના ચંદુભાઇ જાની વગેરેના હસ્તે ઇનામો અપાયા હતા.

સાહિત્ય ક્ષેત્રમાં પા-પા પગલી માંડતા આશાસ્પદ ત્રણ સર્જકો શીતલબેન ભાડેશીયા, ભૂમિત શુકલ અને નિલેશ પ્રજાપતિનું કવિ અને લેખક નટવર આહલપરા, કવિ પ્રેમ જામલીયા, આર.પી. જોષી, અજયભાઇ જોષી અને ડો. સોનલબેન ફળદુના હસ્તે કુમકુમ તિલક, દ્વારકાધીશનો ખેસ અને સાકર અને પળો અને શ્રીફળ અર્પણ કરી પુસ્તક અને સ્મૃતિ ભેટ આપી, શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. ત્રણેય કવિઓએ કાવ્યપઠન કરેલ. સાહિત્ય સેતુના અનુપમભાઇ દોશી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. જનાર્દન આચાર્યએ આભાર દર્શન કર્યું. દિનેશભાઇ ગોવાણી, પંકજ રૂપારેલીયા, નૈષધભાઇ વોરા, જયેન્દ્રભાઇ મહેતા, પરીમલભાઇ જોષી, વિપુલભાઇ ભટ્ટ, રમેશભાઇ શીશાંગીયા, જે.પી. પહેલા, કે.પી. જાદવાણી પ્રવીણભાઇ બારૈયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ૮૦ ટકા દિવ્યાંગ વ્યકિતને સરકાર તરફથી નિઃશુલ્ક મળતી બેટરીવાળી ગાડી અપાવવામાં મદદરૂપ બનતા સિહોરનાં દિવ્યાંગ મનસુખભાઇ કનેજીયા



અનેક દિવ્યાંગ સંસ્થાઓ સાથે જોડાયેલા અને સિહોર ગુર્જર સુતાર જ્ઞાતિમાં સહમંત્રી તરીકે સેવા આપતા સિહોરના મનસુખભાઇ કનેજીયાના જણાવ્યા મુજબ તેઓ જે દિવ્યાંગ ભાઇ-બહેનો કે જેઓ ૮૦ ટકા દિવ્યાંગ હોય અને આર્થિક સ્થિતિ નબળી હોય તેઓને સરકારશ્રી તરફથી નિઃશુલ્ક અપાતી બેટરીવાળી ગાડી અપાવવામાં મદદરૂપ થાય છે. ૮૦ ટકા દિવ્યાંગ વ્યકિતને હાથની કોઇ તકલીફ ન હોય જોઇએ. મનસુખભાઇ અત્યાર સુધીમાં ઘણા દિવ્યાંગ ભાઇ-બહેનોને સરકાર તરફથી મળતી નિઃશુલ્ક બેટરીવાળી ગાડી અપાવવામાં નિમિત બન્યા છે. આ માટેના ડોકયુમેન્ટમાં દિવ્યાંગ સર્ટીફીકેટ, યુ.ડી.આઇડી કાર્ડ, આધારકાર્ડ, આવકનો દાખલો તેમજ બે પાસપોર્ટ સાઇઝનાં ફોટા જરૂરી હોય છે. મનસુખભાઇ દિવ્યાંગ વ્યકિત સાથે અમદાવાદ ઓઢવ ખાતે સી.આર.સી. ભવન ખાતે સાથે જઇ આ બાબતે મદદરૂપ થાય છે. આ માટે મનસુખભાઇ કનેજીયા-સિહોર મો. નં. ૯૩૨૭૬ ૬૪૦૫૪ પર કોન્ટેક કરી શકાશે.

## કન્યા છાત્રાલય ટ્રસ્ટ અને મંદિર ટ્રસ્ટના એકત્રીકરણ બાબતે કોર્ટનું ઉલ્લંઘન કરવા સંબંધે કન્ટેમ ઓફ કોર્ટની કાર્યવાહી કરવા સંબંધે

# મુકેશભાઇ વડગામા અને જગદીશભાઇ સોંડાગરને નોટીસ

રાજકોટ ગુર્જર સુતાર કન્યા છાત્રાલયના ટ્રસ્ટી યોગીનભાઇ છનીયારા અને તેના સાથીદારો શરદચંદ્ર મગનલાલ ચંદ્રેશા અને દીપકભાઇ ત્રિકમજીભાઇ જાદવાણી વતી એડવોકેટ પરેશ મારૂએ મુકેશભાઇ રતીલાલ વડગામા (ગુર્જર સુતાર જ્ઞાતિ અધ્યક્ષ) અને જગદીશભાઇ મોહનભાઇ સોંડાગર (ગુર્જર સુતાર જ્ઞાતિ ઉપાધ્યક્ષ) નોટીસ આપી અને જણાવ્યું છે કે કન્યા છાત્રાલયના ટ્રસ્ટ અને મંદિર ટ્રસ્ટના એકત્રીકરણ અંગે ચેરીટી કમિશનરે આપેલ એકત્રીકરણને મંજૂરી આપતા આવેલ ચુકાદા સાથે નામદાર અદાલતે સ્ટે ફરમાવ્યો છે અને તે હકીકત જાણતા હોવા છતાં વીસફુલ ડીસ ઓબીડીયન્સ કરવાનો પ્રયત્ન કરી રહેલ છો. એટલે કે નામદાર અદાલતનો મનાઇ હુકમ અસ્તિત્વમાં હોય, ચેરીટી કમિશનરનો હુકમ કોર્ટે સ્થગીત કરેલ હોય જેથી તમોને સદરહુ ટ્રસ્ટનો વહીવટ મારા અસીલો પાસેથી છીનવવા કોઇ હકક, અધિકાર ન હોવા છતાં તમો ગેરકાયદેસર કાયદો હાથમાં લઇને સદરહુ ટ્રસ્ટનો વહીવટ છીનવવાનો પ્રયત્ન કરી રહેલ છો જે તમારૂ કૃત્ય કન્ટેમ ઓફ કોર્ટનું કૃત્ય હોય મારા અસીલોને આ નોટીસ પાડવાની ફરજ પડી છે.




**ખોટા દસ્તાવેજો ઉભા કરી રેકર્ડ પર કબજો સંભાળવાનો ખોટો આભાસ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરેલ છે**

પરેશભાઇ મારૂએ નોટીસમાં એમ પણ જણાવ્યું છે કે શ્રી વિશ્વકર્મા વિદ્યાનિકેતન ટ્રસ્ટનો વહીવટ મારા અસીલોમાં યોગીનભાઇ છનિયારા અને સદરહુ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કરતા હોય તેમ છતાં આ વહીવટ ગેરકાયદેસર, કાયદો હાથમાં લઇને છીનવવામાં પ્રયત્ન કરી રહેલ હોય જેથી આ નોટીસ પાઠવી જાણ કરવાની કે, તમોનું આ ગેરકાયદેસરનું કૃત્ય આ નોટીસ મળ્યે બંધ કરો અન્યથા નાછૂટકે મારા અસીલોએ તમો વિરુદ્ધ સિવિલ, ક્રિમીનલ તેમજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટમાં કન્ટેટટ ઓફ કોર્ટ સંબંધેની કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેમાંથી જવાબદારી તમોની ટ્રસ્ટી તરીકે તથા તમોની અંગત રહેશે જેની નોંધ લેશો. નોટીસમાં એમ પણ જણાવાયું છે કે ગુ.સુ. જ્ઞાતિ ટ્રસ્ટને કોઇ વહીવટ સોંપેલ ન હોય તેમ છતાં મનઘડત ખોટી ઉત્પન્ન કરી કોઇપણ પ્રકારના કાયદેસરના ઠરાવો જનરલ બોર્ડમાં મેળવ્યા સિવાય ખોટા દસ્તાવેજો ઉભા કરી રેકર્ડ પર કબ્જો સંભાળ્યાનો ખોટો આભાસ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરેલ છે અને મારા અસીલો તથા અન્ય ટ્રસ્ટીઓને દબાવવાનો, ડરાવવાનો, ધમકાવવાનો તથા ટ્રસ્ટનો વહીવટ ગેરકાયદેસર છીનવી લેવાની ધાકધમકી આપી રહેલ છો જે તમોનુ કૃત્ય ગેરકાયદેસર, ગેરબંધારણીય તથા ટ્રસ્ટ એકટની જોગવાઇ વિરુદ્ધ છે.

# રાજકોટ નાગરિક બેંકની ચૂંટણીમાં રાજકોટના કલ્પેશભાઈ પંચાસરા તથા મોરબીના દિપકભાઈ બકરાણીયા ડિરેક્ટર તરીકે ચૂંટાયા

રાજકોટ નાગરિક સહકારી બેંકની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં ૨૧ ઉમેદવારોમાં આપણા સમાજના બે ઉમેદવારો ચુટાતા આપણા સમાજનુ ગૌરવ વધ્યું છે. જેમાં રાજકોટના કલ્પેશભાઈ મનહરભાઈ પંચાસરા તથા મોરબીના દીપકભાઈ વેલજીભાઈ બકરાણીયા નાગરિક બેંકમાં ડિરેક્ટર તરીકે ચુટાયા છે



કલ્પેશભાઈ પંચાસરા | દિપકભાઈ બકરાણીયા

૨૧ બેઠકો માટેની ચૂંટણીમાં સહકાર પેનલે ૨૧ ઉમેદવારો મૂક્યા હતા જ્યારે સંસ્કાર પેનલે ૧૫ ઉભા રાખ્યા અને તેમાં ચાર ઉમેદવારોનો ફોર્મ રિજેક્ટ થયા હતા તેથી ૧૧ ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. અને સહકાર પેનલનાં ૬ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

**નાગરિક બેંક જેવી પ્રતિષ્ઠિત સહકારી બેંકમાં ડિરેક્ટર તરીકે ચુંટાઈ આપણી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.**

સહકાર પેનલમાં ૨૧ ઉમેદવારોમાં આપણા સમાજના બે ઉમેદવારો હતા. જેમાં રાજકોટના કલ્પેશભાઈ પંચાસરા તથા મોરબીના દીપકભાઈ બકરાણીયા. મોરબીમાં સંસ્કાર પેનલનાં કોઈ ઉમેદવારો ન હતા જેથી દિપકભાઈ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જ્યારે ચૂંટણીમાં કલ્પેશભાઈ પંચાસરા ૧૮૫માંથી ૧૫૪ મત મેળવી વિજેતા જાહેર થયા હતા.

આ બંને વિજેતાઓના પરિચયની વાત કરીએ તો રાજકોટના ૪૯ વર્ષીય કલ્પેશભાઈએ બીકોમ સુધીનો અભ્યાસ કર્યો છે અને ગક્ષ્ર ઈન્ડસ્ટ્રીઝના નામે પોતાનું કારખાનું ધરાવે છે. કલ્પેશભાઈ લગભગ સાત આઠ વર્ષની ઉંમરથી જ આરએસએસ સાથે જોડાયા છે. સમયાંતરે ઘટનાયકથી લઈ જુદી જુદી જવાબદારીઓ સંભાળેલ જેમાં નગર પ્રમુખ, નગર કાર્યવાહક, રાજકોટ મહાનગર ઘોષ પ્રમુખ, ગુજરાત પ્રાંતના ઘોષસ્ટોરીના સદસ્ય, સૌરાષ્ટ્ર પ્રાંત ઘોષસ્ટોરીના સદસ્ય જેવી રાષ્ટ્રીય સેવક સંઘના જુદી જુદી જવાબદારીઓ સંભાળેલ. છેલ્લા ૧૧ વર્ષથી રાજકોટ નાગરિક બેંક સાથે જોડાયેલા છે ત્રણ વર્ષ સુધી શાખા વિકાસ કમિટી સદસ્ય ૮ વર્ષથી શાખા વિકાસ કન્વીનર તરીકે જોડાયેલા છે આમ કલ્પેશભાઈ નાનપણથી આરએસએસની વિચારધારા સાથે જોડાયેલા છે અને જુદી જવાબદારી સંભાળેલ તથા નાગરિક બેંક સાથે કરેલી કામગીરીને ધ્યાને લઈ સહકાર પેનલમાં જ્યોતિન્દ્ર મહેતાએ કલ્પેશભાઈને પોતાની પેનલનાં ઉમેદવાર તરીકે પસંદ કર્યા અને વિજેતા થતા હવે રાજકોટ નાગરિક સહકારી બેંકમાં ડિરેક્ટરની જવાબદારી સંભાળશે.

દીપકભાઈ બકરાણીયાની વાત કરીએ તો તેઓ મોરબીનાં રહેવાસી છે અને ચાર્ટડ એકાઉન્ટન્ટ છે તેઓ મોરબીમાં ડી.વી.બકરાણીયા એન્ડ એસોસિયેટ તરીકે પોતાનો વ્યવસાય ચલાવે છે દીપકભાઈ મોરબીમાં બીજેપી સી.એ.સંઘના સહ કન્વીનર તરીકે ફરજ બજાવી છે તેમજ તેઓ ગત ટર્મમાં પણ રાજકોટ નાગરિક બેંકમાં ડિરેક્ટર તરીકે કાર્યરત હતા તેમજ તેઓ મોરબી, ભુજ અને ગાંધીધામ નાગરિક બેંકમાં કન્વીનર તરીકે સેવા આપેલ તેમ જ મોરબીમાં લોન કમિટીમાં પણ જોડાયેલા હતા. તેઓ ઇન્ડિયન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઇન્સ્ટિટયૂટ મોરબી બ્રાન્ચમાં કન્વિનર તરીકે સેવા આપી હતી. મોરબી નાગરિક બેંકમાં કમિટીમાં કન્વીનર તરીકે સેવા આપી હતી ઉપરાંત સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, બેંક ઓફ બરોડા તેમજ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા માં પણ ઓડિટર તરીકે સેવા આપેલ ઉપરાંત છેલ્લા ૩૦ વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટ તરીકેનો અનુભવ ધરાવે છે ઘણી નામાંકિત કંપનીમાં પણ ઓડિટર તરીકે સંકળાયેલા છે વ્યવસાયએ ચાર્ટડ એકાઉન્ટન્ટ હોવાથી તેમની સેવાનો નાગરિક બેંકને પણ લાભ મળે તેવા ઉદેશ સાથે સહકાર પેનલમાં તેમની પસંદગી થઈ હતી તેઓ બિનહરીફ વિજેતા જાહેર થયા.

આમ રાજકોટ નાગરિક સહકારી બેંક જેવી ૩૮ શાખા ધરાવતી મલ્ટી સ્ટેટ બેન્ક કે જેમાં ૩,૧૫,૦૦૦ જેટલા સભાસદો છે. ૧૦,૦૦૦ કરોડનો વેપાર ધરાવતી અને પ્રતિષ્ઠિત બેંકમાં આપણા સમાજના બે જ્ઞાતિજનો ડિરેક્ટર તરીકે ચુંટાતા આપણા સમાજનું ગૌરવ સહકારી ક્ષેત્રની બેન્કિંગમાં પણ વધ્યું છે. કલ્પેશભાઇ પંચાસરા અને દિપકભાઇ બકરાણિયા નાગરિક બેંકમાં ડીરેકટર તરીકે ખુબ જ સારી સેવા આપે તેવી શુભેચ્છાઓ.


**– જયંતીભાઇ નગેવાડિયા**

# સરધાર ખાતે ઘોરેચા પરિવાર દ્વારા શ્રી વિશ્વકર્મા પુરાણ કથા યોજાઇ









ઘોરેચા પરિવાર ટ્રસ્ટ દ્વારા સરધારમાં આવેલ શ્રી ચામુંડા માતાજીના મઢના સાંનિધ્યમાં તા. ૩/૧૧/૨૪થી તા. ૭/૧૧/૨૪ દરમ્યાન શ્રી વિશ્વકર્મા પુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મનીષભાઇ અમૃતભાઇ ઘોરેચાના મુખ્ય યજમાનપદે ઉપાસક ધર્મ પ્રચાર શ્રી જયંતીભાઇ શાસ્ત્રીજી(સુરેન્દ્રનગર)ના વ્યાસને યોજાયેલ કથાના પ્રારંભે તા. ૩ના રોજ સવારે પોથીયાત્રા ધામધુમથી નીકળી હતી. રાજમાર્ગોમાં નીકળેલ પોથીયાત્રાનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

પોથીયાત્રા કથા સ્થળ સરદારધામ પહોંચ્યા બાદ કથાનો પ્રારંભ થયો હતો. કથા દરમ્યાન દરરોજ વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તા. ૪ના રોજ ભગવાન વિશ્વકર્મા પ્રાગટય ઉત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ભગવતી રાંદલ પ્રાગટય ઉત્સવ, સુર્યનારાયણ/રાંદલ માતા વિવાહનો સમાવેશ થાય છે.

કૃષ્ણ જન્મોત્સવમાં જીયાન ધાર્મિક ઘોરેચા બાળ કાનુડો. બન્યો હતો. ધાર્મિક ઘોરેચા નંદબાબા બન્યા હતા. જયારે જશોદા-ચાંદનીબેન હાર્દિકભાઇ ઘોરેચા બન્યા હતા. વાસુદેવનો રોલ શૈલેષભાઇ શામજીભાઇ ઘોરેચાએ નીભાવ્યો હતો.

વિશ્વકર્મા પ્રાગટ્ય ઉત્સવમાં વસંતભાઇ હીરજીભાઇ વિશ્વકર્મા બન્યા હતા. વાસ્તુ પુરૂષ દેવાંશ રાજેશભાઇ બન્યા હતા. રાંદલ પ્રાગટયમાં જીગરભાઇ ભરતભાઇ વિશ્વકર્મા બન્યા હતા. રાંદલ વિવાહમાં સુર્યદેવ વુર્ત વસંતભાઇ અને કેશવી સમીરભાઇ રાંદલ બન્યા હતા. વર પક્ષના યજમાન ભરતભાઇ હિરૂભાઇ અને કન્યા પક્ષના યજમાન દિનેશભાઇ જીવાભાઇ હતા. વેશભુષા મુકેશભાઇ ઘોરેચાએ કરાવી હતી.

કથા દરમ્યાન ઉદ્યોગપતિ અમુભાઇ ભારદિયા, અખિલ વિશ્વકર્મા સુતાર સંઘના અધ્યક્ષ યોગીન છનિયારા, જામનગરના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ગોંડલના પ્રમુખ પિયુષ ઘોરેચા, રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમ તેમજ ધુન મંડળના ભાઇઓ બહેનો ઉપસ્થિત રહયા હતા.

ઘોરેચા પરિવાર ટ્રસ્ટના ટ્રસ્ટી શૈલેષભાઇ ઘોરેચા, પ્રમુખ ભરતભાઇ ઘોરેચા, ઉપપ્રમુખ પ્રશાંતભાઇ ઘોરેચા, મંત્રી રમેશભાઇ ઘોરેચા, સહમંત્રી મહેન્દ્રભાઇ ઘોરેચા, ખજાનચી મહેશભાઇ ઘોરેચા, સભ્યો વિનોદભાઇ બી., અશોકભાઇ એચ., મનીષભાઇ ટી., રમેશભાઇ જી., અને મનિષભાઇ એ. એ જહેમત ઉઠાવી હતી.





# રાજકોટમાં શ્રી વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશન દ્વારા યોજાયો

# શ્રી વિશ્વકર્મા પુરાણની સાથે સમુહલગ્નોત્સવ : સૌપ્રથમવાર નાત ચોર્યાસી જ્ઞાતિ ભોજન યોજાયું

- સોનલ વાળા




## વકતા હિરેનભાઇ પંચાલે અનોખી જ્ઞાન ગંગા વહેવડાવી



(તસવીરો : પ્રવીણ ગજ્જર)





રાજકોટના આંગણે શ્રી વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશન દ્વારા નવા વર્ષના પ્રારંભે જ શ્રી વિશ્વકર્મા પુરાણ, સમુહ લગ્ન અને નાત ચોર્યાસી જ્ઞાતિ ભોજનનું સૌપ્રથમવાર આયોજન કરવામાં આવ્યું હતું. આ અનોખુ આયોજન ગ્રીનલેન્ડ ચોકડી, મોરબી રોડ પર આવેલ રોયલ મેળા ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. ત્રિવેણી સંગમ સમા આ આયોજનને માણવા રાજકોટનો સમગ્ર લુહાર સમાજ જ નહીં અન્ય સમાજ તેમજ બહારગામના સમાજોના આગેવાનો ઉમટી પડયા હતા અને વિશ્વકર્મા પરિવારની એકતાના અનેરા દર્શન કરાવ્યા હતા.

શ્રી વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ ત્રિવિધ કાર્યક્રમ પૈકીના શ્રી વિશ્વકર્મા પુરાણનો પ્રારંભ તા. ૬ના રોજ પોથીયાત્રાથી થયો હતો. દિવાનપરામાં આવેલ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ વિશ્વકર્મા પ્રભુજી મંદિરે વિશ્વકર્મા પુરાણના વકતા શ્રી હિરેનભાઇ પંચાલ તેમજ શ્રી વિ. લુ. ફાઉન્ડેશનના પ્રમુખ નવિનભાઇ પરમાર અને ટ્રસ્ટના અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં પોથીજીનું શાસ્ત્રોકત વિધીથી પુજન કરવામાં આવ્યું હતું. વિશ્વકર્મા પુરાણના મુખ્ય યજમાન સ્વ. દયાળજીભાઇ વિરજીભાઇ મારૂ, ગં.સ્વ. માતુશ્રી મંજુલાબેન મારૂ હતા. આ પરિવારના મનીષભાઇ મારૂ અને તેના ધર્મપત્ની ઉષાબેન મારૂ અને મંજુલાબેન દયાળજીભાઇ મારૂ તેમજ પરિવારના હસ્તે આ પોથીપુજન કરવામાં આવ્યા બાદ રાજમાર્ગો પર ધામધુમથી, વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી હતી. રાજમાર્ગ પર પસાર થઇને પોથીયાત્રા કથા સ્થળે પહોંચી હતી. જયાં વિશ્વકર્મા પુરાણના

## દરરોજ વિવિધ પ્રસંગોની ધામધુમથી ઉજવણી : 'સર્જનહારનું સ્વરૂપ' કાર્યક્રમને જબ્બર પ્રતિસાદ : સમુહલગ્નોત્સવમાં ૭ નવ દંપત્તિઓએ પ્રભુતામાં પગલા માંડયા

# આવતા વર્ષે પણ શ્રી વિશ્વકર્મા પુરાણનું આયોજન : સંસ્થાના પ્રમુખ નવીનભાઇ પરમાર અને સાથીદારોનું અનેરૂ આયોજન સફળ





વકતા શ્રી હિરેનભાઇ પંચાલે શાસ્ત્રોકત વિધીથી પુજન કરાવ્યા બાદ શ્રી વિશ્વકર્મા પુરાણનો પ્રારંભ થયો હતો.

કથા પ્રારંભે શ્રી હિરેનભાઇ પંચાલે શ્રી વિશ્વકર્મા પુરાણનું મહત્વ સમજાવી વિશ્વકર્મા પુરાણથી શું ફાયદા થાય છે. તેની વિસ્તૃત છણાવટ કરી. વિશ્વકર્મા પુરાણનું આયોજન ભાગ્યશાળી લોકો જ કરી શકે તેમ જણાવ્યું હતું.

વિશ્વકર્મા પુરાણ કથા દરમ્યાન દરરોજ વિવિધ પ્રસંગોની ધામધુમથી ઉજવણી થઇ હતી. જેમાં શ્રી વિશ્વકર્મા પ્રાગટ્ય, શ્રી વાસુદેવ પ્રાગટ્ય, શ્રી વિશ્વકર્માજીના પાંચ પુત્રોનું પ્રાગટ્ય, ભગવતી રાંદલ પ્રાગટ્ય અને સુર્યનારાયણ રન્નાદેવી વિવાહનો સમાવેશ થાય છે.

તા. ૧૨ના રોજ કથાની પુર્ણાહુતિ થઇ હતી. આ પ્રસંગે હિરેનભાઇ પંચાલે પોતાની આ પ્રથમ જ વિશ્વકર્મા પુરાણ કથા હોવાનું જણાવ્યું હતું. અને આવતા વર્ષે આજ સ્થળે આવુ આયોજન થશે તેવી જાહેરાત કરી હતી.

પુર્ણાહુતિ પ્રસંગે શ્રી વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશનના પ્રમુખ નવિનભાઇ પરમાર અને ટીમે હિરેનભાઇ પંચાલનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. મુખ્ય યજમાન મનીષભાઇ મારૂ અને પરિવારે પણ શાસ્ત્રીજીનું સન્માન કર્યું હતું. તો શાસ્ત્રીજીએ પણ આ બધાનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થા દ્વારા આયોજનના દાતાઓ, વિવિધ સહયોગી સંસ્થાઓનું પણ સન્માન કરાયું હતું. વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજરનું પણ આ પ્રસંગે સન્માન કરાયું હતું.

વિશ્વકર્મા પુરાણ દરમ્યાન દરરોજ વિવિધ મહાનુભાવો, સાધુ સંતોનો સમાવેશ થાય છે. જેમાં સાંસદ પરષોતમ રૂપાલા, ધારાસભ્ય રમેશ ટીલારા, ધારાસભ્ય ઉદય કાનગડ, મેયર નયનાબેન પેઢરીયા, અમદાવાદના સંજય તલસાણિયા, શ્રી હરીહરાનંદ ભારતી બાપુ, શીલાદેવી (ટીકર), આપા ગીગાનો ઓટલોના મહંત શ્રી નરેન્દ્રબાપુ વગેરેનો સમાવેશ થાય છે.

કથા દરમ્યાન દરરોજ રાત્રિના વિવિધ કાર્યક્રમ થયા હતા. જેમાં હનુમાન ચાલીસા, રાસોત્સવ, રાંદલ માતા લોટા ઉત્સવ, શ્રી નાથજીની ઝાંખી અને સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજજરનું નાટક સર્જનહારનું સ્વરૂપનો સમાવેશ થાય છે.

**યજ્ઞ**

વિશ્વકર્મા પુરાણની પુર્ણાહુતિ બાદ તા. ૧૩ના રોજ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રૂા. ૫૧૦૦૦ના દાતાઓ યજમાન તરીકે બિરાજમાન થયા હતા.

**સમુહલગ્ન – નાત ચોર્યાસી**

તા. ૧૪ના રોજ સમુહ લગ્નોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. જેમાં ૭ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા હતા. સંસ્થા દ્વારા આ ચોથો સમુહલગ્નોત્સવ હતો. આ વખતના ૭ દંપતિઓ મળી કુલ ૨૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા છે.

સમુહલગ્નમાં કન્યાઓને સોના-ચાંદીના દાગીના, સહિત ૧૦૫ વસ્તુ કરીયાવરમાં આપવામાં આવી હતી. સમુહલગ્નોત્સવમાં સ્ટેજ સંચાલન યોગેશ સોલંકી અને નીતિન બદ્રકિયાએ કર્યું હતું.





સમુહલગ્ન બાદ નાત ચોર્યાસી જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટમાં આ પ્રકારની નાત ચોર્યાસી જ્ઞાતિ ભોજનનું આયોજન પ્રથમવાર જ કરવામાં આવ્યું હતું. જેનો ૧૭૦૦૦થી વધુ ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો.



આ આયોજનમાં દાતાઓનો સારો સહયોગ મળ્યો હતો. જેમાં મુખ્ય યજમાન મનીષભાઇ મારૂ (ખ્યાતિ કન્સ્ટ્રકશન મશીનરી તથા ધનલક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝ) તરફથી રૂા. ૧,૫૧,૦૦૦/- મુખ્ય દાતા નવીનભાઇ પરમાર તરફથી રૂા. ૧,૫૦,૦૦૦/-નો સમાવેશ થાય છે. કંકોત્રીના દાતા હિતેષભાઇ પિત્રોડા (રૂા. ૬૫૦૦૦) હતા. જયારે આનંદ સ્ટીલ, વિલાસ પિત્રોડા, કાંતિભાઇ આસોડીયા, પરેશભાઇ પરમાર, મિલનભાઇ પરમાર, મિલનભાઇ સોલંકી, મહેશભાઇ સોલંકી, મનસુખભાઇ સોલંકી, હસમુખભાઇ કારેલીયા, હસુભાઇ પરમાર, મનોજભાઇ પરમાર(ખોડીયાર ખેતી ઓજાર), ગોરધનભાઇ વાઘેલા (વેલડોર), રામેશ્વર સ્ટીલ વગેરેએ રૂા. ૫૦,૦૦૦ કે તેથી વધુ દાન આપ્યું હતું.

જયારે નાત ચોર્યાસી નાત જમણ માટે પણ દાતાઓએ દાન આપ્યું હતું. જેમાં વિલાસભાઇ પિત્રોડા, હસુભાઇ કારેલીયા, જીતેન્દ્રભાઇ પરમાર, સ્વ. લવજીભાઇ જાદવજીભાઇ મારૂ પરિવાર, સ્વ. સુંદરજીભાઇ જાદવજીભાઇ પરિવાર, સ્વ. કાનજીભાઇ ડુંગરશીભાઇ મારૂ પરિવારનો સમાવેશ થાય છે.


નાત ચોર્યાસી માટે પરમાર પરિવાર અને સ્ટેજની જવાબદારી વિશ્વકર્મા ફાઉન્ડેશનની યુવા કમિટીએ સંભાળી હતી.

સમગ્ર આયોજન માટે શ્રી વિ.લુ. ફાઉન્ડેશનના પ્રમુખ નવીનભાઇ પરમાર, ઉપપ્રમુખ કાંતિભાઇ આસોડીયા, ખજાનચી રવીભાઇ પરમાર, ટ્રસ્ટીઓ પરેશભાઇ પરમાર, હસુભાઇ કારેલીયા ઉપરાંત લુહાર સેવા સમાજના પ્રમુખ યોગેશ સોલંકી, મંગેશભાઇ મિસ્ત્રી, મચ્છુ કઠીયા લુહાર જ્ઞાતિ, લુહાર વિદ્યાર્થી ભવનના પ્રમુખ કમલેશ સિદ્ધપુરા અને તેની ટીમ, મોરબી લુહાર જ્ઞાતિ, મજેવડી ટ્રસ્ટ, વિશ્વકર્મા મંદિર સણોસરા, ચંડી ચામુંડા ભવન ચોટીલા, પરેશભાઇ દાવડા (વિશ્વકર્મા ફાઉન્ડેશન) તેમજ વિલરસભાઇ પિત્રોડા, હસુભાઇ રવિભાઇ પરમાર, મનિષભાઇ મારૂ, હિતેશભાઇ પિત્રોડા, ભરતભાઇ મારૂ, કૈલાશભાઇ રાઠોડ, મનસુખભાઇ સોલંકી, મિલન સોલંકી, મહેશ સોલંકી, મનસુખભાઇ સોલંકી (શાપર), સાગર પરમાર, મહેન્દ્ર ચૌહાણ, ભાવેશ પિત્રોડા, ગોપાલભાઇ મારૂ (મોરબી), સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

# સુરતમાં જાન્યુઆરીમાં પ્રિમીયર લીગ-૮નું આયોજન

## શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા આયોજન

સુરતમાં આવેલ શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા સતત આઠમાં વર્ષે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી વિશ્વકર્મા પ્રિમીયર લીગ-૮ના નામથી તા. ૯ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન સુરતમાં પસોદરામાં આવેલ ધમેલિયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં યોજવામાં આવી છે.



યુવાનોમાં સંગઠનની ભાવના વધે યુવાનો એકબીજાની નજીક આવે અને ધંધાકીય, શિક્ષણ અને સામાજીક ક્ષેત્રે એકબીજાની મદદરૂપ થાય અને સમાજની પ્રગતિમાં મદદરૂપ થાય તેવા ઉમદા વિચારો સાથે આ ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઇ રહી છે. જે કોઇ ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઇચ્છતી હોય તેવી ટીમોએ ભાવેશ કલસારા (મો. ૯૯૧૩૩૫૭૫૭૯), અને જયદીપ ઉજૈનીયા (મો. ૯૩૭૭૯૪૭૬૭૭) પર સંપર્ક સાધવાનો રહેશે.

આ ટુર્નામેન્ટ સુરત પુરતી છે અને દિવસે રમાડવામાં આવે છે. દર વર્ષે ૧૪ થી ૧૫ ટીમો ભાગ લે છે.

વીપીએલ ટુર્નામેન્ટ માટે કેળવણી મંડળના પ્રમુખ અશોકભાઇ માંડવીયા અને સ્નેહલભાઇ કળસારાનું વિશેષ યોગદાન છે. ટ્રસ્ટી મંડળની ટીમ વિવિધ કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં તન-મન-ધનથી સહયોગ આપે છે. ૨૦૧૮માં વીપીએલની શરૂઆત સમયના પ્રમુખ રમેશભાઇ ચંદ્રેશા, ગોપાલભાઇ વડગામા, ધર્મીનભાઇ સુરેલીયા, ભરતભાઇ આસલપરા, દિલીપભાઇ સોંડાગર અને હસુદાદા વઘાડીયા વગેરેએ વીપીએલનું બીજ રોપવામાં મહત્વનું યોગદાન હતું.

વીપીએલનું આયોજન સ્પોન્સર ફીમાંથી કરાવે છે અને બચેલી રકમમાંથી વિદ્યાર્થીઓને સહાયરૂપ બને છે. દર વર્ષે ઇનામ વિતરણ સાથે નોટબુક વિતરણ પણ થાય છે.

ગોંડલ પાસેની પરિવારની જગ્યા ખાતે

# નગેવાડિયા પરિવાર દ્વારા કુળદેવી માતાજીનો યજ્ઞ યોજાયો

## નવનિર્માણ પામનાર માતાજીનાં ગઢનાં આરસપહાણના ભાગોનું પુજન કરાયું



ગુર્જર સુતાર સમસ્ત નગેવાડિયા પરિવાર દ્વારા પરિવારના કુળદેવી માતાજીનો નવચંડી હવન ઉત્સવ પ્રતિવર્ષની જેમ કારતક સુદ-૮ને તા. ૯-૧૧-૨૦૨૪ને શનિવારના રોજ ગોંડલ પાસેની પરિવારના માતાજીની મઢની જગ્યા ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે સવારે ૭ કલાકે યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ હતો અને બપોરે ૧ કલાકે સમસ્ત નગેવાડિયા પરિવારના ઉપસ્થિત પરિવારજનોની હાજરીમાં શાસ્ત્રીજી રાઘવભાઇના મંત્રોચ્ચાર સાથે બિંડુ હોમાયું હતું. બાદમાં પરિવારજનોએ મહાપ્રસાદ લીધો હતો.

આ યજ્ઞમાં સાતક તરીકે ડ્રોમાં ભાગ્યશાળી બનનાર ચાર પરિવાર બેઠા હતાં. જેમાં (૧) પ્રવીણભાઇ ગોકળભાઇ નગેવાડીયા-રાજકોટ (૨) શૈલેષભાઇ હસમુખભાઇ નગેવાડીયા-અમદાવાદ (૩) પ્રભુદાસ ત્રિકમજીભાઇ નગેવાડીયા-અમરેલી તથા (૪) અનિલભાઇ પ્રભુદાસભાઇ નગેવાડીયા-રાજકોટ એ યજમાન તરીકે બેઠા હતાં.

આ પ્રસંગની સાથે આ જગ્યામાં બંધાનાર કુળદેવી ચામુંડા માતાજીના મઢના કોતરણી કામ-ડિઝાઇન વાળા આરસપહાણનાં ભાગનું પણ યજ્ઞમાં બેસનાર પરિવાર દ્વારા પુજન કરવામાં આવ્યું હતું. હવે ટુંક સમયમાં જ આ મઢનું બાંધકામ શરૂ કરવામાં આવનાર છે.

આ પ્રસંગે આગલે દિવસે પધારનાર બહારગામનાં મહેમાનો માટે રહેવા-જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ. રાજકોટ, ગોંડલ, વડોદરા, અમદાવાદ, જામનગર, સુરત, મુંબઇ સહિતનાં ગામોથી પરિવારજનો પધાર્યા હતા.

આ નવચંડી હવન ઉત્સવને સફળ બનાવવા નગેવાડીયા પરિવારના પ્રમુખ રાકેશભાઇ પોપટભાઇ, ઉપપ્રમુખ દર્શન પ્રવીણભાઇ, ખજાનચી ભાવેશ પ્રવીણભાઇ, મંત્રી સચીન જયસુખભાઇ, સહમંત્રી અંકિત જયંતીભાઇ તથા યુવાનોમાં અમિત ભરતભાઇ, અમિત હરેશભાઇ, તુષાર લલિતભાઇ, ક્રિષ્નવ સચીનભાઇ, ચિરાગ કિર્તીભાઇ, રાજુભાઇ અશ્વિનભાઇ, જીજ્ઞેશભાઇ હરગોવિંદભાઇ, અંકુર અનિલભાઇ, દેવાંગ રાજેશભાઇ તથા રૂપેશભાઇ અરવિંદભાઇએ જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : જયંતીભાઇ નગેવાડિયા**

# દિવાળીથી પરિક્રમા સુધી જુનાગઢ સમાજમાં માનવ મહેરામણ ઉમટયુ





જુનાગઢ ગુર્જર સુથાર સમાજમાં દિવાળીથી માંડીને પરિક્રમા સુધી ભાવિકોનો જાણે મેળો ભરાયો હોય તેવું વાતાવરણ ઉભુ થયું હતું અને સમાજમાં ભાવ-ભકિત અને સેવાનો અનોખો માહોલ રચાયો હતો.

જુનાગઢ સમાજ મોકાની જગ્યા પર આવેલ હોવાથી પ્રવાસીઓ આ સ્થળ પસંદ કરે છે. આ વર્ષે દિવાળીથી પ્રવાસીઓ આવવા લાગ્યા હતા. તેમાં પણ પુનમ સુધી પરિક્રમાના દિવસોમાં પ્રવાસીઓનો ભારે ઘસારો રહેતો હોય છે. પ્રવાસીઓ માટે અહીં નાત-જાતના ભેદભાવ વગર પ્રવાસીઓ આવતા રહે છે. તમામ પ્રવાસીઓને સમાજ તરફથી સવારે ચા-નાસ્તો બપોર અને સાંજના અલગ અલગ પ્રકારના ભોજન પીરસવામાં આવે છે. રહેવા માટેની પણ અહીં સારી સગવડ ઉભી થઇ હોવાથી પ્રવાસીઓ માટે જુનાગઢ સમાજ સૌનો આ પસંદગીની જગ્યા બન્યો છે. ખાસ કરીને મહારાષ્ટ્ર-પુના જેવા રાજયોમાંથી પ્રવાસીઓ વધારે આવે છે. આપણા સમાજના લોકો તો લાભ લે છે. પરંતુ અન્ય સમાજના લોકો પણ વધુ લાભ લે છે. સમાજમાં રહેવા જમવાનો કોઇ ચાર્જ લેવામાં આવતો હતી.

પ્રમુખ રાજુભાઇ કરગથરાએ જણાવ્યા પ્રમાણે દીપોત્સવી પર્વની પ્રવાસીઓની આવક શરૂ થઇ હતી. શરૂઆતમાં ૪૦૦ થી ૫૦૦ લોકોની આવક હતી જે પરિક્રમા દરમ્યાન ૧૪૦૦ થી ૧૫૦૦ સુધી પહોંચી હતી. પ્રવાસીઓ પાસેથી કશુ લેવામાં આવતુ હોય છે. સ્વૈચ્છિક ફંડ લેવાય છે. કેટલાક પ્રવાસીઓ સેવા યજ્ઞમાં પણ જોડાઇ ગયા હતા. ઘણા લોકોએ ફંડ આપવાની સાથે સેવા કરવાનો પણ લાભ લીધો હતો.

સમાજના હોદ્દેદારો, સભ્યો અને કાર્યકરો મળીને ૪૦ થી ૫૦ લોકો ખડેપગે રહયા હતા. આ દિવસો દરમ્યાન ૩૫૦૦૦ જેટલા લોકોએ પ્રસાદ લીધો હતો.

# ગોંડલમાં મહિલા મંડળ સત્સંગ ગ્રુપ રચાયું

## દર અમાસે જ્ઞાતિની વાડી ખાતે બહેનો વિશ્વકર્મા દાદાના ધુન-કિર્તનનો સત્સંગ કરે છે





આપણા સમાજનાં ઘણા શહેરોમાં મહિલા ધુન-મંડળો ચાલે છે અને તે મહિલા મંડળની બહેનો દર અમાસે સાંજે દાદાના મંદિરે અથવા જ્ઞાતિની વાડી ખાતે ધુન-કિર્તનનો સત્સંગ કરી વિશ્વકર્મા દાદાના ગુણગાન ગાઇ છે. આવી જ રીતે નાના એવા ગોંડલ શહેરમાં કે જયાં આપણા સમાજનાં ૪૦ જેટલા ઘર માંડ છે ત્યાં પણ બહેનોએ ત્રણ-ચાર માસ પહેલાં આવુ જ એ મહિલા ધુન મંડળ શરૂ કરેલ છે અને દર અમાસે બહેનો સત્સંગ કરે છે.

ગોંડલમાં શરૂ કરાયેલા આ મહિલા ધુન-મંડળ અંગે વાત કરતા ગોંડલનાં અનિતાબેન પ્રશાંતભાઇ ભાડેશીયાએ જણાવ્યું હતું કે ગોંડલમાં અમો ત્રણ-ચાર બહેનો મળતાં ત્યારે ઘણીવાર વાત કરતાં કે આપણે સત્સંગ ગ્રુપ કરીએ અને દર અમાસે મળીએ. આવી વાત ઘણી વખત થતી પરંતુ એક વખત મેં મારા સસરા હસુભાઇ ભાડેશીયાને કહયું કે, પપ્પા અમારે બહેનોનું ધુન મંડળ કરવું છે તો શું કરીએ ? આ બધી વાત પછી ભોજરાજપરામાં આવેલ જ્ઞાતિની વાડીએ જ્ઞાતિના પ્રમુખ પિયુષભાઇ ઘોરેચા અને જ્ઞાતિના આગેવાનો મળ્યા અને ચાર-પાંચ બહેનોએ રજુઆત કરી કે અમારે અહીં દર અમાસે દાદાનો સત્સંગ કરવો છે. જો તમે અને જ્ઞાતિ મંજૂરી આપે તો. તુરંત જ અમને મંજુરી આપી અને ત્યારપછી દર અમાસે જ્ઞાતિની વાડીમાં ઉપરનાં ભાગે આવેલ રવિકુમાર ભારદિયા હોલમાં આવેલ વિશ્વકર્મા દાદાના મંદિર પાસે ધુન-કિર્તનનો સત્સંગ શરૂ કર્યો.

શરૂઆતના બે-ત્રણ માસમાં સાત-આઠ બહેનો જ આવતાં પરંતુ ત્યારબાદ આ ધુનમંડળનો જ્ઞાતિમાં પ્રચાર-પ્રસાર થતાં હવે દર અમાસે ૩૦ જેટલા બહેનો આવે છે અને અમુક વડીલો પણ હાજરી આપે છે. પછી અમે અમારા ધુન મંડળનું નામ ગુર્જર સુતાર જ્ઞાતિ મહિલા મંડળ સત્સંગ ગ્રુપ રાખેલ છે.

દર અમાસે ધુન સત્સંગ કર્યા પછી હાજર બહેનો-ભાઇઓ સમુહ આરતી કરીએ છીએ અને પછી પ્રસાદ વિતરણ કરીએ છીએ.

દર અમાસ સિવાય આવતા ખાસ તહેવાર કે ઉત્સવની પણ હવે ઉજવણી કરવામાં આવે છે. વિશ્વકર્મા દાદાનો પુજન દિવસ, નવરાત્રિમાં રાસ-ગરબા તેમજ દિવાળી અન્નકુટ તથા સ્નેહમિલનનું પણ આયોજન કરેલ. ધુનમંડળનાં બહેનોનું એક વોટસએપ ગ્રુપ પણ બનાવેલ છે જેમાં અમાસની ધુન તથા અન્ય ઉત્સવની જાણકારી-આપવામાં આવે છે.

તાજેતરમાં ગોંડલનાં જ પુત્રવધુ એવા આરજુબેન એ ખંભાયતાનું ગુજરાત સરકાર દ્વારા પ્રમોશન આપી નાયબ કલેકટર જેવા ઉચ્ચ હોદ્દા પર નિમણુંક કરી ત્યારે ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તાજેતરમાં તેમનું સમ્માન કરવામાં આવ્યું ત્યારે આ સત્સંગ મંડળની બહેનોએ પણ આરજુબેનની સન્માન કર્યું હતું. અને આ કાર્યક્રમમાં બહેનોએ પણ સારી એવા આપી હતી.

આ ગ્રુપમાં કોઇ પ્રમુખ કે અન્ય હોદ્દેદારો નથી પરંતુ ચાર-પાંચ બહેનો આ ગ્રુપનું સંચાલન કરે છે. જેમાં અનિતાબેન પ્રશાંતભાઇ ભાડેશીયા (૨) સોનલબેન રૂપેશભાઇ નગેવાડીયા (૩) ગીતાબેન રાજુભાઇ વડગામા (૪) હર્ષાબેન તથા મીનાબેન ઘોરેચા તથા (૫) જીજ્ઞાબેન જીતુભાઇ વડગામા, આમ ગોંડલ જેવા નાના શહેરમાં પણ આપણા સમાજની બહેનોએ મળી દર અમાસે દાદાના ગુણગાન શરૂ કરતાં જ્ઞાતિજનો આનંદની લાગણી અનુભવે છે.

**– જયંતીભાઇ નગેવાડીયા**

# વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધા-૨૦૨૪ની પ્રોત્સાહક રંગોળી





ચિંતન પંચાસરા
(રાજકોટ)





જલ્પા દુદકીયા
(બોટાદ)





ડોલી વૈભવભાઇ
તલસાણિયા
(રાજકોટ)


ધ્રુવી મુકેશભાઇ
સોનીગરા (સુરત)

હીમા ભરતભાઇ
પરમાર (બોટાદ)

રિદ્ધિ જયભાઇ
ઘોરેચા
(ઘંટેશ્વર-રાજકોટ)

ભાવિશા કિશોરભાઇ
બદ્રકિયા (મોરબી)






નિરાલી આનંદભાઇ
સાંકડેચા (રાજકોટ)

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month


રમ્ય પબ્લિકેશનના બેસ્ટ સેલર પુસ્તક

# ‘મારા દાદા શ્રી વિશ્વકર્મા’ની છઠ્ઠી આવૃત્તિનું પૂ. મોરારિબાપુના હસ્તે વિમોચન






પાના : ૮૪
કિંમત રૂા. ૮૦

સગા-સ્નેહીજનોને સ્મૃતિભેટ આપવા માટે બેસ્ટ પુસ્તક
૫૦ કે તેથી વધુ નકલ તદ્દન રાહતભાવે

Ramy Publication

૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

**સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫**


VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)